# ૧૧૪મી જન્મજયંતી-વિશેષાંક



પ્રમાણના જે લોભથી પર્યાય-પક્ષે દોડતા,
ચાબુક દૃષ્ટિની મારીને દ્રવ્યદૃષ્ટિ તેને કરાવતા.
ભાવ-અનુસારી તુજ વાણીમાં ભાવાર્થ બહુ માર્મિક છતાં,
ભક્તો હૃદય તુજ જાણતાં ને મર્મ સહેજે પામતા.


કહાન સં. ૨૩ [૭૧૪] * આત્મધર્મ * [અંક-૧૦-૧૧] વીર સં. ૨૫૨૯
સં. ૨૦૫૯ [૭૧૫] [વર્ષ-૫૯] એપ્રિલ-મે-૨૦૦૩

# આગમ—મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ દેહ જડ છે, જાણે એક મડદાનું સ્થાન જ છે; તે રજ અને વીર્યથી ભરેલું છે, મળ-મૂત્રરૂપી ખેતરનો ક્યારો છે, રોગોનું પોટલું છે, આત્માનું સ્વરૂપ ઢાંકનાર છે, કષ્ટોનો સમૂહ છે અને આત્મધ્યાનથી ભિન્ન છે. હે જીવ! આ દેહ સુખનો ઘાત કરે છે તોપણ તને પ્રિય લાગે છે; છેવટે એ તને છોડશે જ તો પછી તું જ એનો સ્નેહ કેમ છોડી દેતો નથી? ૭૬૩.

*(શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, બંધ દ્વાર, ૫૬-૩૮)*

❀ વિષયસુખોને ભોગવતો હોવા છતાં જે પોતાના હૃદયમાં તેને ધારણ કરતો નથી (—અર્થાત્ તેમાં સુખ માનતો નથી) તે અલ્પકાળમાં શાશ્વતસુખ પામે છે. ૭૬૪. *(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૪)*

❀ કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ? અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. ૭૬૫.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧)*

❀ સુખમાં, દુઃખમાં, મહારોગમાં, ભૂખ આદિ ઉપદ્રવમાં—બાવીશ પરિષહોમાં અને ચાર પ્રકારના ઉપસર્ગ આવી પડે ત્યારે શુદ્ધ આત્માનું ચિંતન કરું. ૭૬૬. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૬, શ્લોક-૧૭)*

❀ જે આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે, તે બન્નેના સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી—અર્થાત્ આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન સમજે છે, તેવી રીતે ભેદજ્ઞાની—અંતરાત્મા, આત્મા અને શરીરના સંયોગસંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી અર્થાત્ તે શરીરને ચેતના રહિત જડ અને આત્માને જ્ઞાનદર્શનસ્વરૂપ જ સમજે છે. ૭૬૭.

*(શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક-૯૨)*

કહાન
સંવત-૨૩
વર્ષ-૫૯
અંક-૧૦-૧૧
[૭૧૪]
[૭૧૫]




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૯
સં. ૨૦૫૯
April-May
A.D. 2003

૧૧૪મી જન્મજયંતી પ્રસંગે

## શ્રુતલબ્ધિવંત ગુરુ-કહાનને શ્રદ્ધાભક્તિપૂર્વક શ્રદ્ધાંજલિ

[ વૈશાખ સુદ બીજ ]

અહો ! તીર્થંકરપ્રભુની દિવ્યધ્વનિ છૂટવી અને વિહાર થવો એ ભવ્યોના મહાભાગ્યને લઈને હોય છે. તેમ હે ભાવિ તીર્થાધિનાથ ગુરુદેવ ! વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભામાં બિરાજનારા આપનું અહીં આગમન થવું અને અમ ભક્તોને પામરપણામાં પણ પ્રભુતાનો અનુભવ કરાવનારી ભાવપ્રધાન અધ્યાત્મરસકસથી નીતરતી આપની એ દિવ્યવાણીનો ૪૫-૪૫ વર્ષો સુધી ધોધ વહેતો રહેવો એ ભક્તોના મહાભાગ્યને લઈને જ હતા. તોપણ અમ પામર જીવોની આપ પ્રત્યેની અર્પણતાની અધૂરાશને લઈને આપશ્રી અમને છોડીને સ્વર્ગે બિરાજ્યા એ આપનો વિરહ અને અમારી અર્પણતાની અધૂરાશને અમે ભૂલી શકીએ તેમ નથી.

પ્રભુ ! અન્યમતમાં એક વાત આવે છે કે સુરદાસ શ્રીકૃષ્ણને કહે છે કે હે ભગવાન ! આપ મારા હાથમાંથી છટકી જઈને ભલે દૂર જાઓ પણ આપને મેં મારા હૃદયમાં બિરાજમાન કર્યા હોવાથી કોટિ ઉપાયે પણ આપ મારા હૃદયથી દૂર નહીં જઈ શકો; તેમ હે પ્રભો ! આપ અમને છોડીને ભલે અમારી નજરોથી દૂર જઈ વસ્યા, તોપણ હે પ્રભો ! આપના જ્ઞાન-સાગરમાંથી વીણેલાં અણમૂલાં રત્નોને અમારા હૃદયમાં સંગ્રહીને તેના સતત સ્મરણ-ચિંતવન વડે અમે આપને સદાય અમારી નજર સમક્ષ સાક્ષાત્‌પણે જ અનુભવીએ છીએ.

હે પ્રભો ! આપનો જ્ઞાનસાગર તો અમ બાળકો ઉપરની કરુણાને લીધે

૪૫-૪૫ વર્ષ સુધી એટલો તો ઉછળ્યો હતો કે એ ઉછળતાં ઘૂઘવાટની—અધ્યાત્મ-અમૃવાણીની ગર્જના આજે પણ સાક્ષાત્‌વત સંભળાઈ રહી છે.

પ્રભુ ! આપના અગાધ અમાપ ઉપકારોનું ક્યા શબ્દોમાં વર્ણન કરીએ ! જેમ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે ને અમૃતચંદ્રાચાર્યદેવે પરમાગમોની રચના ને ટીકા દ્વારા આ પંચમ આરામાં તીર્થંકર ને ગણધર તુલ્ય કામ કર્યું છે, તેમ હે ગુરુદેવ ! એ મહાન અધ્યાત્મશાસ્ત્રોના ગૂઢ શબ્દોમાંથી, એ શબ્દોના સીધા અર્થની પેલે પાર છૂપાયેલાં ગૂઢ ભાવોના ઉદ્‌ઘાટન દ્વારા, અમ મંદબુદ્ધિ જીવોની શાસ્ત્રના અર્થ સમજવાની મૂંઝવણ દૂર કરીને, સ્વાનુભૂતિનો જે માર્ગ આપે સ્પષ્ટરૂપે પ્રરૂપ્યો તે અનંત અનંત ઉપકારોનું વર્ણન તો સ્વાનુભવવિભૂષિત ધર્માત્માઓ સિવાય બીજું કોણ કરી શકે ? પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી તો કહે છે કે આપને શ્રુતની લબ્ધિ હતી. ખરેખર, હે ગુરુદેવ ! હજારો વર્ષ પહેલાં શાસ્ત્રોમાં ગૂંથાયેલાં એ ગૂઢ શબ્દોની પેલે પાર છૂપાયેલાં ગૂઢ અગાધ ભાવોનો પાર પામી જવો એ શ્રુતની લબ્ધિનું જ સામર્થ્ય હોઈ શકે. તેથી જ ગુરુ-ઉપકારની ગહનતા સમજાવતાં પૂજય સોગાનીજી કહે છે કે 'પૂજ્ય ગુરુદેવશ્રી અપને લીયે તો અનંત તીર્થંકરસે અધિક હૈ...'

પ્રભુ ! આપની કલ્યાણવર્ષિણી મંગલ છત્રછાયાની તો શી વાત ! પણ પ્રભુ, આપના જ્ઞાન-સાગરમાંથી ઉછળેલી આપની એ દિવ્યવાણીની પણ શી વાત ! આપની એ દિવ્યવાણીનું જ્યાં અમે શ્રવણ કરીએ છીએ ત્યાં આપનો વિરહ માનતું અમારું મન ખોટું પડે છે ને આપ જાણે કે સાક્ષાત્‌રૂપે બિરાજતા હો એવો એ દિવ્યવાણી અનુભવ કરાવે છે. ધન્ય એ અસીમ ઉપકારી દિવ્યવાણી !

પ્રભુ ! આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે અને એવો સર્વોત્તમ જેણે આપ્યો તેના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમના અસીમ ઉપકારના પ્રત્યુપકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ અમ ભક્તોને અમારા હૃદયમાં સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજમાન આપશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી વધુ ને વધુ અર્પણતા આવે છે તેમ તેમ અમ ભક્તો ઉપર આપશ્રીનો અસીમ ઉપકાર વધતો જ જાય છે.

હે પ્રભુ ! શ્રી સમયસારની પહેલી ગાથા હો કે છઠ્ઠી ગાથા હો, અગિયારમી

ગાથા હો, ૭૫મી ગાથા હો કે ૧૮૧મી ગાથા હો કે ૩૨૦મી ગાથા હો; શ્રી નિયમસારની ૩૮મી ગાથા હો, ૫૦મી ગાથા હો કે ૧૧૦મી ગાથા હો; શ્રી પ્રવચનસારની ૮૦મી ગાથા હો કે ૯૯મી ગાથા હો કે ૧૦૦મી ગાથા હો—કોઈ પણ શાસ્ત્રની કોઈ પણ ગાથા ઉપરના આપના પ્રવચન હો—પણ એ વખતે તે તે ગૂઢ શબ્દોમાં છૂપાયેલા તાગને પામીને આપે જે ઊંડા ભાવો અમને સમજાવ્યા હતા તે ભાવોમાં અમે આજે પણ જેમ જેમ ઊંડા ઊતરીએ છીએ તેમ તેમ આપના અગાધ ઉપકાર-મહિમાનો અમને વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે અને જેમ જેમ એ ઉપકાર-મહિમાનો વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે તેમ તેમ આપના એ ઊંડા ભાવોની ગહનતા વિશેષ વિશેષ સમજમાં આવતી જાય છે. એ બધો આપની શ્રુતની લબ્ધિનો જ ચમત્કાર છે.

હે પ્રભો ! અમારી આત્મસાધનામાં સાક્ષાત્ પરમ હિતરૂપ આપની ભાવ-પ્રધાન દિવ્યવાણીમાંથી વીણેલાં અણમૂલાં રત્નોના સ્મરણ-ચિંતન-મનન વડે 'ગુરુસે યહ વરદાન સુપાઉં, ફિર જગકીચબીચ નહીં આઉં'—એવી ભાવના પૂર્વક આજના આ ૧૧૪મી જન્મજયંતીના મંગલ દિને શ્રદ્ધાભક્તિથી શ્રદ્ધાંજલિ.

*—મુમુક્ષુ સમાજ વતી સંપાદકના કોટિ કોટિ વંદન*

## * સર્વ જીવો પૂર્ણાનંદને પામો *

સર્વ જીવો સાધર્મી છે, કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ! ને સુખી થાવ. કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા-૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ ! આહાહા ! જુઓ જ્ઞાનીની ભાવના ! પોતે પૂર્ણાનંદસ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદસ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે.

*—પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વચન*

ગુરુવાણીમાંથી ચૂંટેલાં

# ❀ અણમૂલાં અધ્યાત્મરત્નો ❀

❀ આત્માર્થી :–આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે પુરુષાર્થ કેવી રીતે કરવો ?

પૂજ્યગુરુદેવ :–પ્રથમ વિચારમાં નિરાવલંબીપણે ચાલવું જોઈએ. કોઈના આધાર વિના જ અદ્ધરથી જ ચાલે કે હું આવો છું...ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છું...વિગેરે. તે વિચારો ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું... આ હું...એમ ઘોલન ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટી જાય, પછી તો સહજ થઈ જાય....સ્વાધ્યાય વખતે પણ આનું આ જ લક્ષ ચાલ્યા કરતું હોય, આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય...આ વિચારો ચાલતાં આખા જગતના બીજા વિકલ્પો છૂટી ગયા હોય છે. શાસ્ત્રોના શબ્દો વિના હૈયા-ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહીં...અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અદ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે...વિશ્વાસ આવવો જોઈએ... બીજી બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે ?...આનો અભ્યાસ વારંવાર જોઈએ.

❀ ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી—આવી દૃષ્ટિ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાન્તિ જ રહે, ખેદનો ખદબદાટ ન થાય. અહા ! આવી વાત છે !

❀ જોકે કર્મ તથા ભાવકર્મ આત્મા સાથે આકાશના એક ક્ષેત્રાવગાહરૂપ છે, જે આકાશના પ્રદેશમાં શુદ્ધ ચેતના છે તે જ પ્રદેશમાં વિકાર છે પણ પોતાના પ્રદેશની અપેક્ષાએ જોઈએ તો એક ક્ષેત્રાવગાહરૂપ નથી. નિત્યતાદાત્મ્યપણે તો નથી પણ અનિત્ય-તાદાત્મ્યપણે પણ નથી. વિકાર ને આત્માની વચ્ચે સંધિ છે, કેમ કે બે કહેતાં બે એક થયા જ નથી, બે વચ્ચે સંધિ છે. ચેતનામાત્ર દ્રવ્ય, જાણન-દેખન સ્વરૂપ આત્મા શુદ્ધ સ્વરૂપ એક વસ્તુ ને વિકાર બીજી વસ્તુ છે, કેમ કે શુભાશુભ ભાવ

આસ્રવતત્ત્વ છે ને આત્મા જીવતત્ત્વ છે. વિકાર ભલે પર્યાયરૂપ છે પણ તે તત્ત્વરૂપ છે, તેમાં સપ્તભંગી ઊઠે છે.

❀ અરે પ્રભુ! નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું જ નથી. જ્ઞાન થવાની યોગ્યતા અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. ''યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે.'' કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદૃષ્ટિ છે. દર્શનમોહથી મિથ્યાત્વ થયું, જ્ઞાનાવરણીથી જ્ઞાન હીણું થયું આદિ કથનો શાસ્ત્રમાં આવે છે તે તો ઉપાદાનથી થતાં કાર્યકાળે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કરવામાં આવે છે.

❀ જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાનવૈરાગ્ય- શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંક વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકરગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્‌ભુત જોર વર્તે છે.

❀ જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, ક્યારે?—કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે. ત્રણેકાળ ને ત્રણેલોકમાં જે જીવ છે તે આવો જ છે, એટલે કે વિભાવ-પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાનકાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છઠ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત્

સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દૃષ્ટિએ ?–પર્યાયદૃષ્ટિએ નહીં હો ! શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ ત્રિકાળ આનંદકંદ પ્રભુ શુદ્ધ છે અને તે જ ભૂતાર્થ છે.

❀ મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી-પાછી થતી નથી; તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો !–કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય ?–પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને તે જ પુરુષાર્થ છે. જે પર્યાય થવાની હશે તે થશે તેનો નિર્ણય કોણે કર્યો ?—કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને 'જે થવાનું હશે તે થશે' એવો સાચો નિર્ણય આવે છે.

❀ શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિંદ્રામાં પણ એનું નામ લ્યો ત્યાં બેઠો થઈ જાય ! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું એમ સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં, અમે વ્યવહારે તેને જાણનારા છીએ, ખરેખર તેના જાણનારા પણ નથી.

❀ (સમ્યક્ માટેનો અભ્યાસ ક્યાં સુધી કરવાનો ?)...ક્યાં સુધી કરવાનું શું ? આનું આ જ કરવાનું છે, બીજું કરવાનું જ શું છે ? આ જ કરવાનું છે. રાતના વખત મળે, સવારના વખત મળે તેમાં ધારણામાં દૃઢતા થઈ હોય એટલે ઘોલન ચાલ્યા જ કરે. આખો દિવસ આનું આ જ કરવાનું છે. નિવૃત્તિ જ છે ને ! બીજું શું કરવાનું છે ? ૨૮૫.

❀ શ્રોતા :–પ્રભુ ! અંતરમેં કૈસે જાના વો દિખાઓ ?

પૂજ્યગુરુદેવ :–અંદરમેં ઉતરે તબ અપને આત્માકી પ્રાપ્તિ હોતી હૈ. કહીં પરમેં મહિમા રહ જાતી હૈ—મિઠાસ રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં. પહલે પરકા માહાત્મ્ય ઘટના ચાહિયે તબ હી અંદરમેં જા સકતે હૈ. લેકિન અટકનેકા સ્થાન બહુત હૈ તો કહીં ન કહીં જીવ અટક જાતા હૈ. કોઈ સંયોગકી, રાગકી, ક્ષયોપશમકી, ઐસે ઐસે કોઈ વિષયકી અધિકતા રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં હૈ.

❀ અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી ! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે ? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં

છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ.

❀ પર્યાય આડી-અવળી થાય એટલે એની વ્યાખ્યા શું? મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે. ખરેખર તો પૂર્ણ પર્યાયે જાણ્યું છે એમ જ અહીં થાય છે—એમ નક્કી કરવા જાય ત્યાં પૂર્ણ પર્યાય જ્યાંથી નીકળી એવા શક્તિસ્વભાવ તરફ લક્ષ જાય છે ત્યાં હું પણ એવો જ સર્વજ્ઞ છું એમ પ્રતીત આવતાં જ આ વાત તેને બેઠી છે.

❀ પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ—એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલાં મોડાનો પ્રશ્ન જ ક્યાં છે?

❀ અહો ! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું...જાણવું....જાણવું....જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ—વાણી—મન—વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ—વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે !

❀ પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં, મારે એક આત્મા જ જોઈએ એવો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરૂ આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ એવો દૃઢ નિશ્ચય થવો જોઈએ. આવો જેને દૃઢ નિશ્ચય હોય તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. પુરુષાર્થ વિના પ્રાપ્તિ નથી. ક્રમબદ્ધ પ્રમાણે જ આત્મા પ્રાપ્ત થશે. પરંતુ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધની સાચી શ્રદ્ધા થાય છે. અને બીજી વાત એ કે એક દ્રવ્યની પર્યાયને પરની સાથે કાંઈ સંબંધ નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. કર્મ આત્માને સ્પર્શતા નથી. આત્મા શરીરને સ્પર્શતો નથી. આહાહા ! આવો નિર્ણય થાય ત્યારે જ તેની દૃષ્ટિ સાચી થાય છે.

❀ તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. દેહદેવાલયમાં ભગવાન પરમાત્મા બિરાજમાન છે. પર્યાયમાં અપૂર્ણતા છે પણ વસ્તુ પરિપૂર્ણ છે તેમ જાણ ! એમ જાણનારી પર્યાય પણ કેવડી?—કે આવા ત્રિકાળી પરિપૂર્ણ પરમાત્માને જાણી લ્યે. વસ્તુ પર્યાયમાં ન આવે પણ વસ્તુ જેવી ને જેવડી છે તેનું પૂર્ણ જ્ઞાન પર્યાયમાં થાય. તું પૂર્ણ સ્વરૂપ છો, કેવળજ્ઞાન- સ્વભાવી પ્રગટરૂપ

આત્મા છો, તેને નિ:સંદેહપણે પરમાત્મા જાણ. અંદરમાં પરિપૂર્ણની દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. વસ્તુ જેવી છે તેવી યથાર્થ પ્રતીતિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે.

❀ આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન ! તારી મૂડીમાં–પૂંજીમાં-સ્વરૂપમાં રાગ–દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગ–દ્વેષ કરાવે એવી એનામાં તાકાત નથી પણ તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનના કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે, આ અઠીક છે એવું અનંતકાળથી રાગ-દ્વેષનું મંથન કર્યું છે. પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, જ્ઞાનાનંદમાં આવવું જોઈએ એને છોડીને અજ્ઞાની રાગ–દ્વેષમાં ડૂબી ગયો છે. એનાથી તરવું મુશ્કેલ થઈ ગયું છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

❀ સમયસાર ગાથા પાંચમા આચાર્યદેવ કહે છે કે ગુરુના અનુગ્રહથી–કૃપાથી મને અંદરમાં આનંદનું જે પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે એ મારા નિજવૈભવથી એકત્વ–વિભક્ત આત્માને દેખાડું છું તેને તારા અનુભવથી પ્રમાણ કરજે. તારા ભગવાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય એવી શક્તિ ભરી છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. પંચમકાળ છે ને આવો અનુભવ ન થાય એમ ના પાડીશ નહિ. પ્રભુ ! તું રાગાદિ બધું ભૂલી જા ! ને તારા ભગવાનને ભૂલી ગયો છો તેને યાદ કર. ભાઈ ! તું અમારી પાસે સાંભળવા આવ્યો છો ને તને અમારું બહુમાન ને ભક્તિનો રાગ છે એનાથી પણ તારો ભગવાન ભિન્ન છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ભગવાન કેવળીનો અત્યારે વિરહ છે, કેવળજ્ઞાનનો વિરહ છે એને તું ભૂલી જા ને અનંતી કેવળજ્ઞાન-પર્યાયની શક્તિ જેમાં ભરી છે એવા તારા ભગવાનને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર.

❀ વીતરાગભાવસ્વરૂપ આત્મા છે તે વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે; સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પણ તેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર–વાણી–મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે—આવો ભગવાન આત્મા છે, ત્રણલોકનો નાથ છે, પણ કોડી કોડી માટે ભીખારો થઈને ફરે છે !

* * *

## ૧૧૪મી મંગલ જન્મજયંતીના પાવન પ્રસંગે

# પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ જીવનમાંથી મળતી આત્મપ્રેરણા

ધર્માત્માઓનું જીવન મુમુક્ષુ જીવોને આત્મહિતની અનેકવિધ પ્રેરણાઓ આપે છે. પુરાણોમાં તીર્થંકરો, ગણધરો, મુનિવરો, ચક્રવર્તીઓ વગેરેના અનેક ભવોની આત્મસાધનાનું જે વર્ણન કર્યું છે તે વાંચતાં પણ જ્ઞાન-વૈરાગ્યની કેવી ઊર્મિઓ સ્ફૂરે છે! તો પછી એવા કોઈ ધર્માત્માનું જીવન સાક્ષાત્ નજરે નીહાળતાં મુમુક્ષુહૃદયમાં કેવા કેવા આત્મહિતના તરંગો ઉલ્લસે!! તે તો સહેજે સમજી શકાય તેવું છે.

તીર્થંકરો કે મુનિઓની તો શી વાત પણ જ્યાં ધર્માત્માઓનાં દર્શનની પણ અતિ-અતિ વિરલતા થઈ ગઈ છે એવા આ કાળમાં આપણા સૌના પરમ સદ્‌ભાગ્યે પૂજ્ય ગુરુદેવશ્રીના સાક્ષાત્ દર્શન સત્સમાગમ અને નિરંતર ઉપદેશની જે પ્રાપ્તિ થઈ તે વડે આ દુર્લભ ભવ સાર્થક કરીએ એવી ભાવના.

જેમના પવિત્ર જીવનનો વિચાર કરતાં તે જીવન પણ અનેકવિધ આત્મપ્રેરણા આપી રહ્યું છે—એવા આ ગુરુદેવનો જન્મોત્સવ ઊજવતાં આપણા અસંખ્ય પ્રદેશો હર્ષ અને ભક્તિથી રોમાંચિત બને છે.

ગુરુદેવનું જીવન તેમના પોતાને માટે તો મંગળરૂપ ને કલ્યાણરૂપ હતું જ અને આપણને પણ તેમનું જીવન અનેકવિધ મંગલ પ્રેરણાઓ આપી રહ્યું છે. અહા! જે જીવનની પ્રત્યેક પળ આત્મહિતને માટે વીતતી હોય, જે જીવનની પ્રત્યેક ક્ષણ સંસારને છેદવા છીણીનું કાર્ય કરતી હોય, જે જીવનની પ્રત્યેક ક્ષણ આત્માને મોક્ષની નજીક લઈ જતી હોય તે જીવન ખરેખર ધન્ય છે. પૂજ્ય ગુરુદેવશ્રીના એવા મંગલ જીવનમાંથી આપણને મળતી પ્રેરણાઓનાં સ્મરણ વડે આ જન્મોત્સવના મંગલ પ્રસંગે પરમ ઉપકારબુદ્ધિથી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

૧. ગુરુદેવનું જીવન સૌથી મોટી અને સૌથી અગત્યની પ્રેરણા આપે છે આત્માર્થની ધૂનની! જેમ શ્રીકૃષ્ણ જન્મ્યા ત્યારે 'કંસને હણવા મારો અવતાર છે' એવો ગગન ધ્વનિ થયો હોવાનું અન્યમતમાં કહેવાય છે, તેમ કહાન ગુરુના જીવનમાં પહેલેથી જ નાદ ઉઠતો કે ''આત્માર્થને સાધવા મારો અવતાર છે.'' તેઓશ્રીને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે હું જેની શોધમાં છું તે આ નથી. કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એકવાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.

આ ઉપરથી આપણે આત્માર્થની ધૂન જગાડીને ગુરુદેવશ્રીના જીવનની પ્રેરણાને ઝીલીએ એ જ ભાવના.

૨. આત્મા શું ચીજ છે કે સમ્યગ્દર્શન શું ચીજ છે–તેવા શબ્દો પણ સાંભળવા નહોતાં મળતાં, અનેક પ્રકારની વિપરીત માન્યતાઓના વાદળોથી ધર્મ ઘેરાઈ ગયેલો હતો, એવા કપરા કાળમાં પણ કોઈની સહાય કે માર્ગદર્શન વિના ગુરુદેવને આત્મામાંથી અધ્યાત્મના અનેક સંસ્કાર સ્ફૂર્યાં અને તે સ્ફૂરણાના બળે સત્‌નો નિર્ણય કરીને માર્ગની પ્રાપ્તિ કરી...તે આપણને એવી પ્રેરણા આપે છે કે આપણા ધાર્મિક સંસ્કાર એવા સુદૃઢ હોવા જોઈએ કે જે ભવોભવમાં સાથે રહીને આપણું કલ્યાણ કરે.

૩. અત્યંત નીડરતા અને નિસ્પૃહતાપૂર્વક ગુરુદેવે કરેલું સંપ્રદાય–પરિવર્તન આપણને એમ પ્રતિબોધે છે કે જો તારે તારો આત્માર્થ સાધવો હોય તો જગતની દરકાર છોડી દેજે! તું જગત સામે જોઈને બેસી રહીશ નહીં. જગત ભલે ગમે તેમ બોલે પણ તું તારા આત્મહિતના પંથે નિઃશંકપણે ચાલ્યો જજે.

૪. ગુરુદેવના જીવનમાં (–અંતરમાં) સાધર્મીવાત્સલ્ય કેટલું ભરેલું હતું તે તેમના એક જ ઉદ્‌ગાર ઉપરથી સમજી શકાય છે. ગુરુદેવ પદ્મપુરાણમાં અંજનાસતીના જીવનના પ્રસંગો વાંચતાં હતા; જ્યારે અંજના નિર્જનવનમાં વિલાપ કરે છે તે પ્રસંગનું વર્ણન આવ્યું ત્યારે ગુરુદેવની આંખોમાંથી અશ્રુધારા ટપકવા લાગી ને તેમના હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળ્યા કે—"અરે! ધર્માત્માનું દુઃખ હું જોઈ શકતો નથી." વાત્સલ્યના આવા અનેક પ્રસંગોથી ભરેલું ગુરુદેવનું જીવન આપણને સાધર્મીવાત્સલ્યની મહાન પ્રેરણા આપે છે.

૫. ભગવાનના વિરહમાં તેમણે જે ભગીરથ પુરુષાર્થ કરીને માર્ગ કાઢ્યો તે પુરુષાર્થની ગગનભેરી એમ સંભળાવે છે કે પુરુષાર્થી જીવ ગમે તેવી પરિસ્થિતિમાંથી પોતાનો માર્ગ કાઢી લે છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ તે મૂંઝાઈને બેસી નથી રહેતો પણ પુરુષાર્થ વડે આત્મહિતના અર્થે નિર્ભયપણે આગળ વધે છે.

૬. પરિવર્તન બાદ થયેલી નિંદા અને આક્ષેપોની ઝડીઓ તથા અનેકવિધ પ્રતિકૂળતાઓ વચ્ચે પણ જે નીડરતાથી તેઓએ સત્‌પંથે પ્રયાણ કર્યું તે એવી પ્રેરણા આપે છે કે–પોતાના આત્મહિતના પંથે પ્રયાણ કરતાં તારા ઉપર જગતના અણસમજુ લોકો ગમે તેવા આકરા આક્ષેપો કે નિંદાની ઝડીઓ વરસાવે તોપણ તું ડગીશ નહિ, તારો માર્ગ તું છોડીશ નહિ, નીડરપણે તારા આત્મહિતના પંથે ચાલ્યો જજે.

૭. ગુરુદેવમાં નીડરતાની જેમ સહનશીલતા પણ જબરી હતી. અનેક વખતે વિરુદ્ધ વિચારવાળા જીવો તરફથી ચર્ચા વગેરે દ્વારા ઉશ્કેરણીના પ્રસંગો ઉપસ્થિત થવા છતાં તે વખતે શાંતચિત્તે વિરોધીઓના તિરસ્કાર વગર તેઓશ્રીએ ધૈર્ય અને ગંભીરતા

વડે જ તે પ્રસંગને જીતી લીધા હતા. તેમની આ શૈલીથી ઘણા વિરોધીઓ પણ ભક્ત બની ગયા હતા. આ રીતે ગુરુદેવનું જીવન આપણને ગમે તેવા વિરોધના પ્રસંગે પણ આવેશના અભાવરૂપ સહનશીલતા અને ધૈર્ય રાખવાની પ્રેરણા આપે છે.

૮. ગુરુદેવે પોતાના અંતરથી જે નિર્ણય કર્યો તેમાં તેઓ એવા મક્કમ રહેતા કે ગમે તેવી પ્રતિકૂળતાના પ્રસંગો આવી પડે તોપણ પોતાના નિર્ણયથી તેઓ ડગતા નહીં. તેમનું જીવન આપણને પ્રેરણા આપે છે કે તારા આત્મહિતના માર્ગનો એવો દૃઢ નિર્ણય કરજે કે દેવ આવે તોપણ ન ડગે ને દેહ છૂટે તોય તે માર્ગના સંસ્કાર ન છૂટે.

૯. ગુરુદેવની આત્મધૂન એવી હતી કે તેને માટે તેઓશ્રીનું જીવન સતત ચિંતનશીલ રહ્યું. ઘણા વર્ષો પહેલાં વીંછીયાના વડ જેવા એકાંત **સ્થાનમાં** જઈને દિવસનો ઘણો ખરો ભાગ ત્યાં સ્વાધ્યાય-ચિંતનમાં વીતાવવા માત્ર એક વખત આહાર લેતા. આત્મધૂન એવી હતી કે બીજા કાર્યોમાં વખત ગુમાવવો તેમને પાલવતો નહીં. તેમનું આખું જીવન આપણને ઢંઢોળીને કહે છે કે તું ખરી આત્મધૂન જગાડ...ને બીજા કાર્યો મૂક પડતાં ભાઈ ! પરના કાર્ય માટેનો તારો આ ભવ નથી.

૧૦. આત્મકલ્યાણ સાધવાની ઊંડી તાલાવેલીનું જોર તેમને વૈરાગ્યના માર્ગે લઈ ગયું...અને તેથી જ નાની વયમાં જ તેઓએ બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા લઈને સંસારથી અલિપ્ત રહ્યા. એટલું જ નહિ પરંતુ લાખો લોકોમાં મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા છતાં અને શાસ્ત્રોમાંય પારંગત થવા છતાં, તેમાં ક્યાંય તેઓ સંતુષ્ઠ ન થયા ને આત્મસાધનાના માર્ગે જ તેઓ આગળ વધ્યા...આવું તેમનું જીવન બ્રહ્મચર્ય અને વૈરાગ્યમાર્ગની પ્રેરણા આપીને કહે છે કે ભાઈ ! જો તારે આત્મહિત સાધવું હોય તો બીજે ક્યાંય તું સંતુષ્ઠ થઈશ નહિ, બીજે ક્યાંય રોકાઈશ નહિ.

૧૧. તેઓશ્રીના સુહસ્તે થયેલી સેંકડો જિનબિંબોની પ્રતિષ્ઠા તથા અતિ ભક્તિપૂર્વક તેઓશ્રીએ કરેલી સમ્મેદશિખરજી, બાહુબલી, કુંદકુંદધામ વગેરે તીર્થોની યાત્રા તે આપણા જીવનમાં જિનેન્દ્ર ભક્તિનું તથા સાધક સંતો અને તેમની પાવન સાધનાભૂમિ (તીર્થભૂમિ) પ્રત્યે ભક્તિનું સિંચન કરીને આરાધનાનો ઉત્સાહ જગાડે છે.

૧૨. સતત્‌—અપ્રમાદપણે શાસ્ત્ર-સ્વાધ્યાય-ચિંતન-મનનમાં વર્તેલો તેમનો ઉપયોગ અને માત્ર આત્માની આરાધનાને અર્થે જ વીતેલું તેમનું જીવન આપણને અપ્રમાદપણે આત્મ-આરાધના કરવાની આત્મપ્રેરણા આપી રહ્યું છે.

ગુરુદેવશ્રીના જીવનમાંથી મળતી આવી આત્મહિતકારી અનેક પ્રેરણાઓ આપણે જીવનમાં ઉતારીએ...ને એ રીતે ગુરુદેવના જન્મને મહાન કલ્યાણનું કારણ બનાવીએ એવી આજના ૧૧૪મી જન્મજયંતી પ્રસંગે ભાવના. *

## સમયસારમર્મજ્ઞ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મયુગપ્રવર્તક
## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ કરેલ
# ✽ વિશાળ શાસ્ત્રસ્વાધ્યાય ✽

| | | |
|---|---|---|
| ૧ સમયસાર★ ⟶ | ૨ પ્રવચનસાર + ⟶ | ૩ પંચાસ્તિકાયસંગ્રહ + |
| ૪ નિયમસાર + | ૫ અષ્ટપાહુડ + | ૬ દ્રવ્યસંગ્રહ + |
| ૭ કાર્તિકેયાનુપ્રેક્ષા + | ૮ મોક્ષમાર્ગપ્રકાશક + | ૯ અનુભવપ્રકાશ + |
| ૧૦ સમાધિશતક + | ૧૧ ઈષ્ટોપદેશ + | ૧૨ ભક્તામર + |
| ૧૩ સત્તાસ્વરૂપ + | ૧૪ પરમાત્મપ્રકાશ + | ૧૫ નાટકસમયસાર + |
| ૧૬ યોગસાર (અમિતગતિ) + | ૧૭ સમ્યગ્જ્ઞાનદીપિકા + | ૧૮ પદ્મનંદિપંચવિંશતિકા + |
| ૧૯ તત્ત્વજ્ઞાનતરંગિણી + | ૨૦ તત્ત્વાર્થસાર + | ૨૧ ધવલા પ્રથમ ભાગ + |
| ૨૨ આત્માનુશાસન + | ૨૩ કલશટીકા (પં. રાજમલજી કૃત) + | ૨૪ છહઢાલા + |
| ૨૫ યોગસાર (યોગીન્દુદેવ) + | ૨૬ દ્રવ્યદૃષ્ટિપ્રકાશ | ૨૭ ગોમ્મટસાર |
| ૨૮ જ્ઞાનાર્ણવ + | ૨૯ સ્વાત્માનુભવમનન | ૩૦ ચિદ્વિલાસ + |
| ૩૧ આત્માવલોકન | ૩૨ ભગવતી આરાધના | ૩૩ તત્ત્વભાવના |
| ૩૪ રયણસાર | ૩૫ દ્વાદશાનુપ્રેક્ષા (કુંદકુંદાચાર્ય) | ૩૬ પંચાધ્યાયી |
| ૩૭ તત્ત્વાર્થસૂત્ર | ૩૮ સર્વાર્થસિદ્ધિ | ૩૯ તત્ત્વાર્થરાજવાર્તિક |
| ૪૦ તત્ત્વાર્થશ્લોકવાર્તિક | ૪૧ આપ્તમીમાંસા | ૪૨ પુરુષાર્થસિદ્ધઉપાય + |
| ૪૩ ત્રિલોકસાર | ૪૪ તિલોયપણ્ણત્તિ | ૪૫ ધવલના બધા ભાગ |
| ૪૬ મહાબંધ | ૪૭ જયધવલા | ૪૮ અર્થપ્રકાશિકા |
| ૪૯ પરમાધ્યાત્મતરંગિણી | ૫૦ આલાપપદ્ધતિ | ૫૧ સર્વાર્થસિદ્ધિવચનિકા |
| ૫૨ તત્ત્વાનુશાસન | ૫૩ વૈરાગ્યમણિમાલા | ૫૪ પરમાનંદસ્તોત્ર |
| ૫૫ સ્વરૂપસમ્બોધન | ૫૬ આદિપુરાણ | ૫૭ ઉત્તરપુરાણ |
| ૫૮ હરિવંશપુરાણ | ૫૯ પદ્મપુરાણ | ૬૦ શાન્તિનાથ પુરાણ |
| ૬૧ ભરતેશવૈભવ | ૬૨ એકીભાવસ્તોત્ર | ૬૩ કલ્યાણમન્દિરસ્તોત્ર |
| ૬૪ વિષાપહારસ્તોત્ર + | ૬૫ રહસ્યપૂર્ણચિઠ્ઠી + | ૬૬ પરમાર્થવચનિકા + |
| ૬૭ ઉપાદાન-નિમિત્ત-ચિઠ્ઠી + | ૬૮ બ્રહ્મવિલાસ | ૬૯ વિદ્વજ્જનબોધક |
| ૭૦ પાહુડદોહા | ૭૧ સાવયધમ્મદોહા | ૭૨ ચર્ચાસમાધાન |

★ સમયસાર ઉપર શાસ્ત્રસભામાં ૧૯ વાર પ્રવચન આપેલાં,

+ (ચિહ્ન) દર્શાવેલાં શાસ્ત્રો ઉપર પણ (કોઈ ઉપર તો અનેકવાર) પ્રવચન આપેલ હતાં.

૭૬ અણગારધર્મામૃત ⟶
૭૭ આચારસાર ⟶
૭૮ ચારિત્રસાર
૭૯ મૂલાચાર
૮૦ લાટીસંહિતા
૮૧ અમિતગતિ-શ્રાવકાચાર
૮૨ લબ્ધિસાર
૮૩ પંચસંગ્રહ
૮૪ વસુબિન્દુપ્રતિષ્ઠાપાઠ
૮૫ સુદૃષ્ટિતરંગિણી
૮૬ સપ્તભંગીતરંગિણી
૮૭ ભાવદીપિકા
૮૮ અધ્યાત્મપંચસંગ્રહ
૮૯ બનારસીવિલાસ
૯૦ અધ્યાત્મકમલમાર્તંડ
૯૧ જ્ઞાનાનન્દશ્રાવકાચાર
૯૨ નયચક્રાદિસંગ્રહ
૯૩ જૈનસિદ્ધન્તદર્પણ
૯૪ પ્રમેયરત્નમાલા
૯૫ પરીક્ષણમુખ
૯૬ આપ્તપરીક્ષા
૯૭ ન્યાયદીપિકા
૯૮ યુક્ત્યાનુશાસન
૯૯ સ્વયંભૂસ્તોત્ર
૧૦૦ સ્તુતિવિદ્યા
૧૦૧ સ્યાદ્વાદસિદ્ધિ
૧૦૨ દર્શનસાર
૧૦૩ આરાધનાસાર
૧૦૪ અષ્ટસહસ્રી
૧૦૫ પાત્રકેસરીસ્તોત્ર
૧૦૬ ક્રિયાકોષ
૧૦૭ શ્રીમદ્રાજચંદ્ર
૧૦૮ તરણતારણસ્વામીના ગ્રંથ
૧૦૯ મૂલારાધના
૧૧૦ બહેનશ્રીનાં વચનામૃત+
૧૧૧ જૈનતત્ત્વમીમાંસા
૧૧૨ ઉપાસકાધ્યયન
૧૧૩ વસુનન્દિશ્રાવકાચાર
૧૧૪ તત્ત્વાર્થવૃત્તિ
૧૧૫ અર્થપ્રકાશિકા
૧૧૬ સર્વાર્થસિદ્ધિ-પ્રશ્નોત્તર
૧૧૭ તત્ત્વાર્થસૂત્ર (ભાસ્કરનન્દી)
૧૧૮ તત્ત્વાર્થબોધ
૧૧૯ સિદ્ધાન્તસારસંગ્રહ
૧૨૦ સુભાષિતરત્નસન્દોહ
૧૨૧ બુદ્ધિવિલાસ
૧૨૨ શ્રાવકધર્મસંગ્રહ
૧૨૩ મુનિસુવ્રતકાવ્ય
૧૨૪ કુન્દકુન્દપ્રાભૃતસંગ્રહ
૧૨૫ અધ્યાત્મપદસંગ્રહ
૧૨૬ દોલતવિલાસ
૧૨૭ અધ્યાત્મરહસ્ય
૧૨૮ ભાવસંગ્રહ
૧૨૯ જિનશતક
૧૩૦ લઘીયસ્ત્રયસંગ્રહ
૧૩૧ આત્મપ્રબોધ
૧૩૨ તત્ત્વાર્થદીપિકા
૧૩૩ અર્ધકથાનક
૧૩૪ અધ્યાત્મતરંગિણી
૧૩૫ નીતિવાક્યામૃત
૧૩૬ સારસમુચ્ચય
૧૩૭ ધર્મધ્યાનદીપક
૧૩૮ પ્રાયશ્ચિતસંગ્રહ
૧૩૯ પ્રાયશ્ચિત્તસમુચ્ચય
૧૪૦ ધર્મપ્રશ્નોત્તર
૧૪૧ સમીચીન ધર્મશાસ્ત્ર
૧૪૨ રત્નમાલા
૧૪૩ અધ્યાત્મવાણી
૧૪૪ ચર્ચાશતક
૧૪૫ યતિક્રિયામંઝરી
૧૪૬ સિદ્ધાન્તસારાદિસંગ્રહ
૧૪૭ ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ
૧૪૮ પ્રતિક્રમણગ્રંથત્રયી
૧૪૯ સામાયિકપાઠ
૧૫૦ દ્રવ્યાનુયોગતર્કણા
૧૫૧ ખાનિયા-તત્ત્વચર્ચા
૧૫૨ રત્નમંજૂષા
૧૫૩ દશભક્તિ
૧૫૪ કસાયપાહુજસૂત્ત
૧૫૫ સહજસુખસાધન
૧૫૬ જૈનદર્શન
૧૫૭ મદનપરાજય
૧૫૮ ધર્મામૃત
૧૫૯ અમૃતકલશ
૧૬૦ આરાધનાકથાકોષ
૧૬૧ વરાંગચરિત્ર
૧૬૨ પ્રમેયકમલમાર્તંડ
૧૬૩ લઘુતત્ત્વસ્ફોટ (અમૃતચંદ્રાચાર્યદેવ)

*

## પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ : કારણશુદ્ધપર્યાય

[શ્રી નિયમસાર શાસ્ત્ર ગાથા–૧૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ખાસ પ્રવચન]

આ, નિયમસારની પંદરમી ગાથા છે. આ ગાથામાં સ્વભાવપર્યાય અને વિભાવ-પર્યાયનું સ્વરૂપ બતાવે છે.

णरणारयतिरियसुरा पज्जाया ते विभावमिदि भणिदा ।
कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा ॥१५॥

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા,**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વાભાવિક ભાખિયા. ૧૫.**

અર્થ :—મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે; કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.

જુઓ, આ ગાથામાં સૂક્ષ્મ અને અલૌકિક વાત આવશે. ધ્યાન રાખજો ! અહીં પર્યાયની વાત છે તેમાં કારણશુદ્ધપર્યાયની વાત પણ લેશે.

આત્માના પર્યાયોમાં સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એવા બે પ્રકાર છે, તેમાં સ્વભાવપર્યાયનાં બે પ્રકાર છે.

(૧) કારણશુદ્ધપર્યાય અને (૨) કાર્યશુદ્ધપર્યાય

આ ગુણની વાત નથી, પર્યાયની વાત છે. આત્મામાં કારણશુદ્ધપર્યાય ત્રિકાળ છે ને કાર્યશુદ્ધપર્યાય નવી પ્રગટ થાય છે.

કારણશુદ્ધપર્યાય કોને કહેવી? દ્રવ્યમાં નિરપેક્ષ કારણરૂપ શુદ્ધ દશા ત્રિકાળી છે. પદ્મપ્રભમુનિરાજે એવી વાત કરી છે કે જેમ ધર્મ-અધર્મ-આકાશ અને કાળ એ ચારે દ્રવ્યો ત્રિકાળ શુદ્ધ છે અને પર્યાયમાં પણ એકધારાપણે અખંડ એકરૂપ વર્તે છે, તેમની પર્યાયમાં વિષમતા નથી, તેમ આત્મામાં પણ તેવી એકરૂપ પર્યાય બતાવવી છે. સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એવી પર્યાયોમાં તો અનેકરૂપતા-વિષમતા આવે છે. આત્મા ત્રિકાળ શુદ્ધ છે, તે સ્વભાવની સાથે ત્રિકાળ ધ્રુવરૂપ રહેનારી અવ્યક્તરૂપે વર્તમાન વર્તતી વ્યક્તરૂપ ઉત્પાદ–વ્યય વગરની એવી અખંડ કારણશુદ્ધપર્યાય છે. તે અનાદિ અનંત છે.

ધર્માસ્તિ વગેરેમાં જે પર્યાય છે તેમાં તો ઉત્પાદ-વ્યય છે પણ તે એકરૂપ પરમ પારિણામિક ધારાએ છે; પુદ્ગલમાં ખંડ ખંડ ને ભંગ ભંગરૂપ પર્યાય છે, તેને તો

એક પરમાણુ છૂટો હોય તેમાં પણ વિષમ પર્યાયો થાય છે, એવો તેનો સ્વભાવ છે. પણ જીવમાં તો ધર્માસ્તિ વગેરેની માફક એક ત્રિકાળ પરમપારિણામિકભાવરૂપ પર્યાય છે, તે અહીં બતાવવી છે. આત્માનો જે ત્રિકાળ સ્વભાવ છે તેવી જ તેની પરિણતિ ત્રિકાળ એકરૂપ છે. આત્માની સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાય તો વિષમ છે, એકધારારૂપ નથી. પણ તે દરેક પર્યાય વખતે-નિગોદ વખતે કે સિદ્ધ પર્યાય વખતે, અવ્યક્તરૂપ પારિણામિકધારાએ અનાદિ અનંત એક પરિણતિ છે, તે શુદ્ધ નિશ્ચયનયના વિષયમાં આવે છે. સંસાર-મોક્ષ તે તો વ્યવહારનયનો વિષય છે ને ત્રિકાળ ધ્રુવસ્વભાવ અને તેની સાથે વર્તતી એકરૂપ ધ્રુવપરિણતિ તે નિશ્ચયનયનો વિષય છે. તેનું આ વર્ણન ચાલે છે.

અનાદિ અનંત સ્વભાવ-ચતુષ્ટયની સાથે વર્તતી સહજ પરિણતિ તે કારણશુદ્ધ પર્યાય છે-એમ કહે છે, તેમાં પ્રથમ સ્વભાવ-ચતુષ્ટય કેવા છે તે કહે છે.

અનાદિ અનંત, અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા અને શુદ્ધ એવા સહજજ્ઞાન સહજદર્શન સહજચારિત્ર સહજ પરમ વીતરાગ સુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વરૂપ સ્વભાવ અનંત ચતુષ્ટય છે. આ ત્રિકાળી છે. સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાયને ગૌણ કરીને જે ત્રિકાળ એકરૂપ સહજજ્ઞાન-દર્શન-ચારિત્ર અને આનંદરૂપ સ્વભાવ અનંતચતુષ્ટય છે તે આત્માનું સ્વરૂપ છે, તે ત્રિકાળી સ્વભાવચતુષ્ટયની સાથે રહેલી જે પૂજિત પંચમભાવ-પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે. આત્મા તે દ્રવ્ય, સ્વભાવ અનંત ચતુષ્ટય કહ્યા તે ગુણો અને તેની સાથે રહેલી પરમપારિણામિકભાવે વર્તતી પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. બધાય આત્મામાં આ કારણશુદ્ધપર્યાય એકધારાએ અનાદિ અનંત વર્તી રહી છે, તેમાં કાંઈ ભેદ નથી.

ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં જે રાગ-દ્વેષ, મોક્ષમાર્ગ કે મોક્ષ થાય છે તે તો વિષમરૂપ છે, એકધારાએ નથી, તેમાં તો કર્મની ઉપાધિ છે, આ સહજ શુદ્ધકારણપર્યાય તો કર્મની ઉપાધિથી વિવર્જિત છે. મૂળ સૂત્રમાં "कम्मोपाधिविवज्जियपज्जाया" એમ કહ્યું છે. તેમાંથી પદ્મપ્રભમુનિરાજે આ કારણશુદ્ધપર્યાય કાઢી છે. કાર્યશુદ્ધપર્યાયમાં તો કર્મના અભાવની પણ અપેક્ષા છે ને આ કારણશુદ્ધપર્યાય તો દ્રવ્ય સાથે જ એકરૂપ છે, તેમાં કર્મના અભાવની પણ અપેક્ષા નથી, ત્રિકાળ નિરપેક્ષ છે.

જેવો સામાન્ય શક્તિરૂપ ત્રિકાળ સ્વભાવ છે તેવો જ તેનો પરિણતિરૂપ સ્વભાવ પણ વર્તમાન એકધારાએ શુદ્ધ વર્તે છે. તેમાં એકાગ્રતા કરતાં મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે; તે તો કાર્ય છે.

સહજ જ્ઞાનાદિ સ્વભાવ અનંત-ચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંત-ચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમ પારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.

આ કારણશુદ્ધપર્યાયમાં ઉત્પાદ-વ્યય નથી, તે વર્તમાનરૂપ છે. જો આ એકધારારૂપ કારણશુદ્ધપર્યાય આત્મા સાથે ત્રિકાળ ન હોય તો, સ્વભાવની ત્રિકાળ શક્તિ અને તેનું એકરૂપ પૂરું વર્તમાન તે બન્નેના અભેદરૂપ એક પરમપારિણામિકભાવ સાબિત થતો નથી. અને જો આ પર્યાયનો અનુભવ હોય તો તો બંધ મોક્ષ વગેરે વ્યવહાર જ ન રહે. આના આશ્રયે મોક્ષ પ્રગટે છે. તે મોક્ષ કાર્ય છે ને આ પર્યાય તો ત્રિકાળ કારણપણે વર્તે છે. આ પરમપારિણામિકભાવની પર્યાય પૂજિત છે. આશ્રય કરવા જેવી છે. અહો ! અહીં મુનિરાજે વસ્તુના સ્વભાવને પ્રગટ કરીને બહાર મૂક્યો છે. આવી સ્પષ્ટ વાત બીજે ક્યાંય નીકળતી નથી.

વસ્તુની સાથે આ કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત એકધારાએ વર્તે છે, તે ગુણ નથી, સામાન્ય દ્રવ્ય નથી પણ સામાન્યની સાથે વર્તતું એકરૂપ ધ્રુવ-વિશેષ છે, તે કારણશુદ્ધપર્યાય છે. તેનો વ્યક્ત અનુભવ કોઈને હોતો નથી. જો તેનો વ્યવક્ત અનુભવ થઈ જાય તો તે કારણ ન રહ્યું. તેમાં ઉત્પાદ-વ્યય ન હોવા છતાં તે પરિણતિ છે, પર્યાય છે. દ્રવ્યની સાથે અખંડ પારિણામિકભાવે વર્તમાન વર્તે છે. અહો ! એકધારાએ પરમપારિણામિકભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. દ્રવ્યે-ગુણે તો પૂરો છે પણ પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન અનાદિ-અનંત એકધારાએ જ્યારે જુઓ ત્યારે વર્તમાનપણે બિરાજી રહ્યો છે-શોભી રહ્યો છે.

આ કારણશુદ્ધપર્યાય એકરૂપ સત્ છે. ઉત્પાદ-વ્યય પણ સત્ તો છે, પરંતુ આ તો ત્રણે કાળે એકરૂપ સત્ છે. તેમાં 'અભાવ'પણું કદી આવતું નથી. ઉત્પાદ અને વ્યય નથી. સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય તે સત્ છે, પણ તેમાં ઉત્પાદ અને વ્યય એવી વિવિધતા છે. આ કારણશુદ્ધપર્યાયમાં તેવી વિવિધતા નથી. ઉત્પાદ-વ્યય સત્ છે, તેને બતાવનારી વાણી પણ સત્ છે ને તેનું જ્ઞાન પણ સત્ છે. તેમ, આ કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયથી બધા જીવોમાં સત્ છે, તેને કહેનારી આ વાણી સત્ છે ને તેનું જ્ઞાન પણ સત્ છે.

સ્વભાવ-ચતુષ્ટયમાં જેને ''સહજ પરમ વીતરાગ સુખાત્મક'' કહ્યું તેમાં 'વીતરાગ' કહેતાં પહેલાં રાગ હતો ને પછી ટળ્યો—એમ ન સમજવું પણ ત્રણેકાળે તે સહજ રાગ રહિત જ છે. અહો ! ચૈતન્ય ભગવાન પોતાના સ્વભાવઅનંત-ચતુષ્ટયની સહજ પરિણતિ

સાથે જ ત્રણેકાળે બિરાજી રહ્યો છે, એક સમય પણ તે પરિણતિનો તેને વિરહ નથી. આવી તેની સ્વરૂપ પરિણતિ સહિત તે પૂજનીક છે.

જેવો ત્રિકાળ સ્વભાવ તેવું જ તેનું વર્તમાન, જેવું ત્રિકાળ સામાન્ય તેવું જ તેનું વર્તમાન વિશેષ. એ રીતે અભેદ પરમપારિણામિકસ્વભાવ ત્રિકાળ વર્તી રહ્યો છે. એકલા સ્વભાવની અપેક્ષાવાળી એકરૂપ ધારાવાહી પર્યાય છે. જેવો ધ્રુવ સામાન્ય શક્તિરૂપ સ્વભાવ છે, તેવી જ તેની સહજ પરિણતિ તેની સાથે બિરાજી રહી છે. તે મહા પૂજિત છે. ત્રિલોકનાથ અર્હંત અને સિદ્ધ ભગવાન કરતાં પણ આ પરમ પારિણામિકભાવની પરિણતિ મહા પૂજિત છે. કેમ કે તે જ કેવળજ્ઞાન અને મોક્ષનું કારણ છે.

ચૈતન્યની જે વર્તમાન કારણશુદ્ધપર્યાય તે પૂજિત છે. આદરણીય છે. તેમાં એકાગ્રતા કરવા જેવી છે. તેમાં એકાગ્રતાથી મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે, માટે મોક્ષ અને મોક્ષમાર્ગની પર્યાય કરતાં પણ આ પરમપારિણામિકભાવરૂપ કારણશુદ્ધપર્યાય તે પૂજિત છે.

જેમ દરિયો, દરિયાના પાણીનું દળ અને તેની એકરૂપ પાણીની સપાટી, તે ત્રિકાળ એકરૂપ છે ને તેમાં મોજાં ઉછળે છે, તેમ આત્મામાં ત્રિકાળ એકરૂપ દ્રવ્ય, તેના ગુણો ને તેની એકરૂપ ધ્રુવ પારિણામિકભાવે વર્તતી પર્યાય છે અને તેમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ તેની ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે. આત્મામાં એકરૂપ ધારાએ આ કારણશુદ્ધપર્યાય વર્તી રહી છે.

જુઓ ! આ વેદાંત જેવું નથી. સામાન્ય કૂટસ્થ છે, તેમ તેની ધ્રુવ પરિણતિ પણ કૂટસ્થ છે. પરંતુ તેને જાણે છે કોણ ? જાણનાર તો ઉત્પાદ-વ્યયવાળી મોક્ષમાર્ગની પર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય છે તે પર્યાયદૃષ્ટિનો વિષય નથી પણ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે, શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. સામાન્ય અને વિશેષથી પરિપૂર્ણ આવો સ્વભાવ જો ન હોય તો ચૈતન્યની પૂર્ણતા સિદ્ધ થતી નથી, દૃષ્ટિનો વિષય પૂરો થતો નથી, ચૈતન્યનો મહિમા પૂરો થતો નથી.

ધર્માસ્તિ આદિ ચાર તો અમૂર્ત અને જડ પદાર્થો છે, છતાં તેમાં ત્રિકાળ એકરૂપ ભાવે પર્યાય વર્તે છે, તેને જાણનારો સર્વોત્તમ મહિમાવાળો તો ભગવાન આત્મા છે, તેમાં પણ ત્રિકાળ એકરૂપ ધારાપણે કારણશુદ્ધપરિણતિ વર્તી રહી છે. ઓછી ને વધતી એવું વિષમપણું તેમાં નથી, તેમાં એકાગ્રતાથી મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે.

ધર્માસ્તિ આદિમાં તો એકલું પ્રમેયત્વ જ છે. તેઓ પોતે પોતાને પણ જાણતાં નથી; તેને પ્રગટ કરનાર તો આત્માનું જ્ઞાન છે, એટલે આત્મા જ મહિમાવાળો છે. તે આત્માનાં ત્રિકાળ એકરૂપ સ્વભાવ-ચતુષ્ટયની સાથે જે સહજ પંચમભાવરૂપ પરિણતિ વર્તી રહી છે તેનું નામ કારણશુદ્ધપર્યાય છે. परिणामे भवः पारिणामिकः દ્રવ્યના એકરૂપ પરિણામમય વર્તે છે તે પારિણામિકભાવની પરિણતિ છે. તે પરિણતિ વ્યવહારનયનો વિષય નથી. શુદ્ધ નિશ્ચયનયનો આ વિષય છે, ત્રિકાળ છે, કારણરૂપ છે, ગુણ નથી પણ પર્યાય છે. પ્રગટ વેદનરૂપ નથી પણ શક્તિરૂપ છે.

કાર્યસ્વભાવપર્યાયનું વર્ણન તો પછી આવશે. આ તો ચૈતન્ય ભગવાન સાથે બિરાજતી તેની પરિણતિ સમયે સમયે છે તેની વાત છે.

અહો ! સમયે સમયે તારામાં પરિપૂર્ણતા વર્તી રહી છે, પૂર્ણ કારણ જ્યારે જાણ ત્યારે તારામાં જ હાજર પડ્યું છે, બહારમાં કારણ શોધવા જવું પડે તેમ નથી. સંસાર-અવસ્થાને વિષે પણ કારણશુદ્ધપર્યાય ત્રિકાળ વર્તે છે.

પંડિત બનારસીદાસજીએ પરમાર્થવચનિકામાં આગમપદ્ધતિ અને અધ્યાત્મપદ્ધતિનું વિવેચન કર્યું છે. તેમાં આ વાત મૂકી દીધી છે, તેમાં સંસાર-અવસ્થાને વિષે ત્રિકાળવર્તી ચાર બોલ બતાવ્યા છે.

આગમ કર્મપદ્ધતિ છે, તેના બે પ્રકાર :— દ્રવ્યરૂપ અને ભાવરૂપ

(૧) દ્રવ્યરૂપ આગમપદ્ધતિ તે પુદ્ગલકર્મની પર્યાય

(૨) ભાવરૂપ આગમપદ્ધતિ તે જીવનો વિકારી ભાવ.

અધ્યાત્મપદ્ધતિ એટલે શુદ્ધચેતનાપદ્ધતિ, તેમાં પણ બે બોલ: દ્રવ્યરૂપ તથા ભાવરૂપ

(૩) દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ છે, તે જીવત્વરૂપ શુદ્ધચેતનાપરિણામ ત્રિકાળ છે.

(૪) ભાવરૂપ જ્ઞાન-દર્શનાદિ અનંતગુણપરિણામ છે. તે જ્ઞાનદર્શનાદિભાવરૂપ શુદ્ધચેતનાપરિણામ છે, તે પણ ત્રિકાળ વર્તે છે, તેને જાણવા અને માનવા તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

ઉપર કહ્યા તે ચારે પર્યાયો સંસારમાં ત્રિકાળ વર્તે છે, પહેલાં બે બોલ સંસારમાં છે, પણ મોક્ષમાં નથી. ઉપર જે દ્રવ્યરૂપ અને ભાવરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ કહી છે, તે આ વાતમાં સમાઈ જાય છે.

દ્રવ્યની સમય સમયની અખંડ પરિણતિ ત્રિકાળ વર્તે છે. ભગવાન ચૈતન્ય પોતાની કારણશુદ્ધપરિણતિમાં ત્રિકાળ બિરાજી રહ્યો છે. આવો પરિપૂર્ણ ભગવાન છે. તેની પરિણતિમાં કદી અધૂરાશ નથી. આવી પૂર્ણતાને માને તે પૂરો થઈ જાય. અધૂરો માનશે તે અધૂરો રહેશે. સિદ્ધ પર્યાય પ્રગટે ત્યારે પણ કારણશુદ્ધપરિણતિ તો એવી ને એવી પૂરી રહે છે. આવી કારણશુદ્ધપર્યાય છે.

ચૈતન્ય ભગવાન સાથે તેની, તૈયાર સજેલા હથિયાર જેવી,—કારણશુદ્ધપર્યાય ત્રિકાળ પૂર્ણ પડી છે, તેની સામે જુએ તો સંસારનો નાશ થઈને મોક્ષ પર્યાય પ્રગટે.

આવું પૂર્ણ વસ્તુસ્વરૂપ છે. આવી વસ્તુનાં જ ગાણાં ગાવા જેવાં છે. એકરૂપ ધારાવાહી સપાટીપણે ચૈતન્યદરિયો બિરાજી રહ્યો છે, એ જ નિશ્ચયથી પૂજનિક છે, તેના આધારે કેવળજ્ઞાન પ્રગટે છે તે ફલરૂપ કાર્યશુદ્ધપર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય તે ફળરૂપ નથી. તેના આશ્રયે કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે, તે ફળરૂપ છે, તેનું હવે વર્ણન કરે છે.

''સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયભાવવાળા શુદ્ધ સદ્ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંત-ચતુષ્ટયની સાથેની (અનંત-ચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની પરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.

૧. કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત છે ને આ કાર્યશુદ્ધપર્યાય સાદિ-અનંત છે.

૨. કારણશુદ્ધપર્યાય અમૂર્ત છે, તેમ આ કાર્યશુદ્ધપર્યાય પણ અમૂર્ત છે.

૩. કારણશુદ્ધપર્યાય અતીન્દ્રિય છે ને આ કાર્યશુદ્ધપર્યાય પણ અતીન્દ્રિય છે.

૪. કારણશુદ્ધપર્યાયને ત્રિકાળ કાર્યની ઉપાધિ નથી ને આ કાર્યશુદ્ધપર્યાયને પ્રગટયા પછી કર્મની ઉપાધિ નથી.

૫. કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે ને આ કાર્યશુદ્ધપર્યાય શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.

૬. કારણશુદ્ધપર્યાય ત્રિકાળ સહજ જ્ઞાન, દર્શન, ચારિત્ર ને સુખ એવાં સ્વભાવ ચતુષ્ટય સાથે વર્તે છે ને આ કાર્યશુદ્ધપર્યાય કેવળજ્ઞાન-દર્શન-સુખ અને વીર્ય એવા ચતુષ્ટય સાથે અભેદ વર્તતી ક્ષાયિકભાવરૂપ ઉત્કૃષ્ટ પરિણતિ છે. (અહીં કાર્યચતુષ્ટયમાં વીર્ય લીધું છે ને કારણ ચતુષ્ટયમાં આનંદ લીધો હતો).

અહો ! જંગલમાં બેઠા બેઠા મુનિએ સિદ્ધ એવો જે પોતાનો આત્મા તેની સાથે ગમ્મત કરતાં કરતાં—રમત કરતાં કરતાં તેને બહાર પ્રગટ કર્યો છે. ત્રિકાળ શુદ્ધસ્વભાવરૂપ ચૈતન્ય ભગવાન રાજા અને તેની કારણશુદ્ધપરિણતિરૂપ રાણી એ બંને ત્રિકાળ સાથે

ને સાથે બિરાજી રહ્યા છે. પ્રવચનસારના ચરણાનુયોગમાં શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રી કહી તે તો નિર્મળ પર્યાય પ્રગટેલી છે પણ કારણશુદ્ધપરિણતિરૂપી સ્ત્રી તો ત્રિકાળ ચૈતન્યની સાથે ને સાથે જ છે, તેમાંથી કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટે છે.

જે સ્વભાવ અનંત-ચતુષ્ટય પ્રગટ્યો તેની સાથે બધા ગુણની પરિણતિઓ ક્ષાયિકભાવે અભેદપણે લઈને તેને શુદ્ધકાર્યપર્યાય કહી છે. જે ત્રિકાળી અનંતસ્વભાવ ચતુષ્ટય કહ્યાં, તેમાં પણ તે દરેક ગુણની સહજ પર્યાય તો સાથે જ છે પણ કારણશુદ્ધપર્યાયમાં તો બધી અભેદ થઈ જાય છે. કારણશુદ્ધપર્યાય કહી તેમાં બધાય ગુણોની ત્રિકાળી શુદ્ધ પરિણતિ આવી જાય છે.

એ રીતે, સ્વભાવપર્યાયમાં કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય એવા બે ભેદ કહ્યા હતા તેની વ્યાખ્યા પૂરી થઈ.


## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

### ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| સંપાદક | : | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| મુદ્રક | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |

હું હસમુખલાલ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખલાલ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧૫-૪-૨૦૦૩

## ✻ અધ્યાત્મપીયૂષ-પ્રસાદ ✻

### સમ્યક્ત્વ-જયંતીના દિને મુમુક્ષુસમાજની વિનંતીથી પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાનધારામાંથી વહેલાં ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક બે શબ્દ

ગુરુદેવે સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. આ કાળમાં માર્ગ જાણવો ઘણો મુશ્કેલ હતો. આવા કાળમાં આપણાં મહાભાગ્યે ગુરુદેવનો અવતાર થયો.

સ્વાનુભૂતિના પંથે ચાલવાથી મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે તે ગુરુદેવે બતાવ્યું છે. એ પંથે જ ચાલવા જેવું છે. તેનાથી જ ભવનો અભાવ થાય છે, આત્મામાં સુખ પ્રગટ થાય છે, કોઈ અપૂર્વ આનંદ વેદનમાં આવે છે.

આત્મામાં જ આનંદ ભરેલો છે, આનંદ ક્યાંય બહાર નથી, આત્મા જ તેનાથી ભરપૂર છે. આત્માનો સ્વભાવ જ આનંદ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન પણ છે. આત્મા પોતે જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણોથી ભરપૂર છે. આવા અનંત ધર્મોથી ભરપૂર આ આત્મા અનુપમ છે, તે જ સર્વસ્વ છે—એવી જો તેની અપૂર્વતા લાગે તો તેની પરિણતિ તે તરફ ઝૂક્યા વિના રહે જ નહિ.

અનાદિ કાળથી જીવ પોતે બહાર ભટકી રહ્યો છે. બહારથી સુખ મળે છે, બધુંય બહારથી મળે છે એમ માની-માનીને બહારમાં ભટકે છે. પરંતુ સુખ તો આત્મામાં જ ભરેલું છે. જ્ઞાન પણ આત્મામાં છે. એવા અનંત ગુણો આત્મામાં છે કે જેમની પર્યાયો અનંત કાળ સુધી તેમાં પરિણમ્યા કરે તોપણ તે અનંત અગાધતાથી ભરપૂર સમુદ્ર પરિપૂર્ણ-નિયત રહે છે. આ આત્મા એક સ્વતઃસિદ્ધ સહજ વસ્તુ છે; તેથી તેનો સ્વભાવ અનંત અનંતતાથી ભરપૂર છે. તેમાં અનંત શક્તિવાળા અનંત ગુણો છે. દરેક ગુણની અનંત શક્તિ, તેમાં અનંત કાળ સુધી પરિણમન થતું રહે તોપણ, પરિપૂર્ણ-નિયત રહે છે.

અનંત ગુણોથી ભરપૂર આત્મા જો પોતે ભેદજ્ઞાન કરે કે—આ જે પર છે તે 'હું' નથી, વિભાવ મારું સ્વરૂપ નથી, હું તેમનાથી અત્યંત ભિન્ન શાશ્વત ચૈતન્યપદાર્થ છું, આવા ભેદજ્ઞાનપૂર્વક જો તે શાશ્વત દ્રવ્યની દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે, તેમાં લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ.

મુક્તિનો માર્ગ એક જ છે. બધું કરીને કરવાનું તો એક જ છે—શાશ્વત શુદ્ધ

આત્માનું આલંબન એટલે કે તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા. તેના માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ. જ્યાં સુધી પોતે અંતરંગ પરિણમનપૂર્વક તેની ઓળખાણ ન કરી શકે, ત્યાં સુધી તેને તેના માટે તત્ત્વવિચાર વગેરેનો પ્રયત્ન થયા વિના રહે નહિ. પરંતુ કરવા જેવું તો એક જ છે—એક શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન. ગુરુદેવે આત્મકલ્યાણનો આ જ માર્ગ બતાવ્યો છે.

આત્મકલ્યાણ કરી લેવાની ભાવનાવાળો આત્માર્થી જીવ દૃઢ તત્ત્વનિર્ણયપૂર્વક સ્વ-પરના ભેદનો અથવા જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરીને, તે અભ્યાસની ઉગ્રતા વડે, વિકલ્પ તૂટતાં, આનંદઝરતી નિર્વિકલ્પ સ્વાનુભૂતિને અવશ્ય પ્રાપ્ત કરી લે છે. તેના માટે આત્માર્થીએ એવો પ્રયાસ કરવા જેવો છે. એવો પ્રયત્ન કરનાર, આત્મકલ્યાણની લગનીવાળા આત્માર્થી જીવને વિભાવમાં બિલકુલ શાંતિ લાગતી નથી, શાંતિ એકમાત્ર આત્મામાં જ ભાસે છે—એકમાત્ર આત્મામાં જ તેને સર્વસ્વ લાગે છે. જો આત્મામાં જ શાંતિ લાગે, સર્વસ્વ લાગે, તો જ તેનો ઉગ્ર પ્રયત્ન થાય.

આત્મા તો અનુપમ પદાર્થ છે. શ્રી સમયસારમાં કહ્યું છે કે 'अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।' એટલે કે અનેકાન્તમય મૂર્તિ—જિનવાણી—સદાય પ્રકાશમાન રહો. શા માટે? કારણ કે તે અનંત ધર્મોવાળા મહાન આત્મપદાર્થના તત્ત્વને પ્રસિદ્ધ કરે છે. આવો જ્ઞાન-આનંદ વગેરે અનંત ધર્મોવાળો આત્મા કોઈ અપૂર્વ મહિમાવંત મહાપદાર્થ છે. તેને ઓળખવાનો સતત ઉગ્ર પ્રયત્ન કરવામાં આવે તો તે અવશ્ય પ્રગટ થાય છે. તેના ત્રિકાળી સ્વભાવને ઓળખી તેનું અવલંબન લેતાં, જે જાતનો તેનો શાશ્વત સ્વભાવ છે તે જાતની શુદ્ધ સ્વભાવપર્યાય પ્રગટ થાય છે. શાશ્વત સ્વભાવના આલંબને સ્વભાવપર્યાય પ્રગટ થાય છે, વિભાવના આલંબને વિભાવપર્યાય થાય છે. તેથી આત્માર્થીએ સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા જેવી છે.

આત્માનો સ્વભાવ તો અનાદિ-અનંત સદાશુદ્ધ પરિપૂર્ણ છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનારને તે સ્વભાવનો અંશ પ્રગટ થાય છે, પરંતુ તેને તે અંશથી શાંતિ—તૃપ્તિ—સંતોષ થઈ જતો નથી; તેને ભાવના તો સદાય પૂર્ણ વીતરાગતાની રહે છે. પુરુષાર્થની મંદતાને લીધે પોતે ભલે માત્ર સમ્યગ્દૃષ્ટિ જ હો, ગૃહસ્થદશામાં હો, તોપણ તેને ભાવના તો એવી જ રહે છે કે ક્યારે હું મુનિદશા પ્રાપ્ત કરું, ક્યારે હું પૂર્ણ વીતરાગતારૂપે પરિણમી જાઉં. તેને સદા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, આત્મામાં પ્રચુર લીનતા ને પૂર્ણ વીતરાગતાની ભાવના રહે છે. એક અંશથી તેને સંતોષ થતો નથી.—આવું હોવા છતાં તેને અંશે શાંતિ અને તૃપ્તિ તો અવશ્ય થાય છે, કેમ કે અનાદિ કાળથી જે વિભાવમાં એકત્વબુદ્ધિ

હતી, આકુળતા હતી, તે છૂટતાં કોઈ અપૂર્વ પરિણતિ પ્રગટ થઈ, જેનાથી અપૂર્વ શાંતિ, અપૂર્વ આનંદ અનુભવમાં આવ્યો. અંતરમાં લોકોત્તર માર્ગ પ્રગટ્યો—આત્માનું અપૂર્વ તેમ જ અલૌકિક પરિણમન થયું તેનો આનંદ થાય છે. આ રીતે તેને અપૂર્વ શાંતિ ને આનંદ પણ હોય છે અને પૂર્ણ આનંદમય વીતરાગ દશાની ભાવના પણ રહે છે.

સંક્ષેપમાં, કરવાનું તો એક જ છે—જ્ઞાયકતત્ત્વનો આશ્રય. પૂજ્ય ગુરુદેવે એ જ બતાવ્યું. તે જ સારભૂત છે, બાકી બધું નિઃસાર છે. જ્ઞાયકતત્ત્વ કહો, શુદ્ધાત્મદ્રવ્ય કહો, પરમપારિણામિકભાવ કહો—બધું એક છે. તેનો આશ્રય—તેની જ દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા જેવી છે, તેનાથી જ સ્વાનુભૂતિથી મુક્તિ સુધીની બધી શુદ્ધપર્યાયો પ્રગટે છે અને શાશ્વત પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્‌માર્ગદર્શક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે.

* * *

❀ શુભાશુભ ભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાંતિ અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંદરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે અને લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભ ભાવનો આશ્રય છોડીને ચૈતન્યનો આશ્રય લેવો તે જ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ, આ જ એક કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે જે બતાવ્યું છે તે જ કરવા જેવું છે. ગુરુદેવે આ મુમુક્ષુસમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતિ અંદરથી પ્રગટ કરવી જોઈએ. અંદરમાં પુરુષાર્થ—માત્ર વિચારરૂપ નહિ કિંતુ અંદરથી જે પ્રગટ થાય તે—કરવા જેવો છે. જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવું છે. *—પૂજ્ય બહેનશ્રી ચંપાબેન*

*

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણકારી
## ૭૧મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે
## સમ્યક્ત્વ–મહિમા–પ્રકાશક
# ❀ ભક્તિ-પુષ્પો ❀

❀ જે પુરુષ સમ્યગ્દર્શન વડે પદાર્થનો સમ્યક્ નિર્ણય કરીને ધર્મચક્રના ધારક તીર્થંકર થાય છે તેમના ચરણકમળ અમરપતિ, અસુરપતિ, નરપતિ અને સંયમીઓના પતિ ગણધરદેવ દ્વારા વંદનીક છે અને તેઓ લોકમાં ઉત્કૃષ્ટ શરણ છે.

*(શ્રી સંમતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ જ્ઞાન તથા ચારિત્રથી સમ્યગ્યદર્શન ઘણું જ વિશેષ છે એમ જાણીને જ્ઞાની એનું સેવન કરે છે. એ કારણે સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગનો કર્ણધાર રહ્યો છે. જેમ સમુદ્રમાં જહાજને નાવિક પાર કરે છે તેમ અપાર સંસારસમુદ્રમાં રત્નત્રયરૂપી જહાજને પાર કરવામાં સમ્યગ્દર્શન નાવિક સમાન છે. *(શ્રી સંમતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ પ્રાણોનો નાશ કરનાર વિષનું ભક્ષણ કરવું સારું છે, વાઘ આદિ હિંસક જીવોથી ભરેલા વનમાં રહેવું સારું છે તથા અગ્નિની જ્વાળામાં પ્રવેશ કરવો પણ સારો છે પરન્તુ મનુષ્યે મિથ્યાત્વ સહિત જીવિત રહેવું સારું નથી.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

❀ શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનની વિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે—એમ અમે માનીએ છીએ. કેમ કે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ માનવામાં આવ્યું છે. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)*

❀ ભેદજ્ઞાનીના ચિત્તમાં શુદ્ધ આત્મદર્શનથી રહિત આ સર્વજગત ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, બંને નેત્ર રહિત, દિશા ભૂલેલું, ગાઢ નિદ્રામાં સૂતેલું, અવિચારી, મૂર્છા પામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું તથા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલા જેવું, ગાંડા જેવું અને મોહ-ઠગોએ પોતાને આધિન કરેલું વ્યાકુળ થયેલું જણાય છે. *(શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી)*

❀ જેઓ શુદ્ધ આત્મસ્વરૂપને કદાપિ છોડતા નથી તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ નિશ્ચયથી (શુદ્ધસ્વરૂપની દષ્ટિને) તજતા નથી.

શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરવો કે સંકલેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ. *(શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી)*

❀ પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કરીને પ્રાણીઓનું નરકમાં રહેવું પણ ભલું છે. પરન્તુ કઠિનતાથી જેનો નાશ થાય છે એવા મિથ્યાત્વરૂપી વિષના સેવનપૂર્વક સ્વર્ગમાં રહેવું પણ ભલું નથી. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

❀ મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેના કરતાં ધતૂરાથી ઉપજેલ મોહ સારો છે, દર્શન-મોહ અનંતાનંત જન્મ–મરણ વધારે છે, ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કરે છે. મિથ્યાદર્શન અનંતાનંત ભવપર્યંત જીવને અચેત કરી કરી મારે છે. માટે જન્મ-મરણના દુ:ખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે. *(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી-આરાધના)*

❀ હે ભવ્ય જીવ ! સમ્યગ્જ્ઞાનની આરાધના કરો. આ સમ્યગ્જ્ઞાન પાપરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે. મોક્ષરૂપી લક્ષ્મીના નિવાસ માટે કમળ સમાન છે. કામરૂપી સર્પને વશ કરવાને મંત્ર સમાન છે. મનરૂપી હાથીને વશ કરવાને સિંહ સમાન છે. આપદારૂપી મેઘને ઉડાડી દેવા પવન સમાન છે. સમસ્ત તત્ત્વનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે તથા પાંચ ઇન્દ્રિયના વિષયોરૂપી માછલાને પકડવા જાળ સમાન છે. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)*

❀ જેને સમ્યગ્દર્શન જ શરણ છે તે પુરુષ શિવ અર્થાત્ નિરાકુળતા લક્ષણ મોક્ષ એનો અનુભવ કરે છે. કેવા છે શિવ ? જેને વૃદ્ધાવસ્થા નથી, અનંતાનંતકાળ સુધી જ્યાં આત્મા ઝીર્ણ નથી થતો. જ્યાં રોગ, પીડા, વ્યાધિ નથી તથા અક્ષય અર્થાત્ જેમાં અનંત ચતુષ્ટય સ્વરૂપનો નાશ નથી થતો. જ્યાં કોઈ પ્રકારની બાધા નથી, શોક, ભય, શંકા જ્યાં નષ્ટ થઈ ગયા છે, સુખ તથા જ્ઞાનનો વૈભવ જ્યાં પરમપદને પ્રાપ્ત થયો છે. દ્રવ્યકર્મ તો જ્ઞાનાવરણાદિક, ભાવકર્મ રાગદ્વેષાદિક અને નોકર્મ શરીરાદિક એ પ્રકારે કર્મમળના અભાવથી વિમળ છે, એવા અદ્વિતીય સ્વરૂપ મોક્ષને સમ્યગ્દૃષ્ટિ જ અનુભવ કરે છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ જો કોઈ જીવ અર્ધ નિમિષ એટલે આંખના ટમકાર માત્ર પણ પરમાત્મતત્ત્વમાં અનુરાગ કરે તો જેમ અગ્નિની કણી લાકડાના મોટા ગંજને બાળી નાખે તેમ તે જીવ સમસ્ત પાપોને બાળી નાખે છે. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ)*

❀ જેમ દૃઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને

તે પ્રકારે સમજ્યો છે તથા વાસ્તવિક આત્મશાંતિનો કોઈ અંશે જેને અનુભવ થયો છે, તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પામતો નથી. *(શ્રી આત્માનુશાસન)*

❀ વહી સમ્યગ્દર્શન શુદ્ધ કહા ગયા હૈ જહાં આત્માકે સ્વરૂપમેં શંકા ન કી જાવે, ઉસી સમ્યક્‌ત્વમેં જમે રહના ચાહીએ. કિસી ભી સ્થાન પર રહો, કિસી ભી સ્થાન પર યહ સમ્યક્‌ત્વ પૈદા હો સકતા હૈ. યહ સમ્યક્‌ત્વ હી શ્રેષ્ઠ હૈ, દૃઢ હૈ વ પ્રમાણરૂપ હૈ. યહ સમ્યક્‌ત્વ કિસી જીવકો હી પ્રકાશ હોતા હૈ. કોઈ હી જીવકી દૃષ્ટિ અપને અર્થ પર જાતિ હૈ. *(શ્રી જ્ઞાનસમુચ્ચયસાર)*

❀ જે તત્ત્વ જ્ઞાનરૂપ છે, પરમ મુનિગણો જેનું ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે, જે તત્ત્વ દેહથી ભિન્ન છે અને ત્રણ લોકમાં સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં સ્થિત છે, જે તત્ત્વ દિવ્ય કેવળજ્ઞાન આદિ શરીરરૂપ છે અને જે તત્ત્વ શાંત જીવમાં સિદ્ધ (પ્રાપ્ત) થાય છે, તે તત્ત્વ જેના નિજ મનમાં શુદ્ધ પ્રકાશમાન થાય છે તે જીવ મુક્તિને પામે છે. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્માપ્રકાશ)*

❀ ત્રણ લોકમાં એવું કોઈ સુખ નથી કે જે સમ્યગ્દર્શનરૂપી ધનના પ્રભાવથી જીવને પ્રાપ્ત ન હો. તેથી જે જીવ સુખી થવા ઇચ્છે છે તેણે તે સમ્યગ્દર્શન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

❀ મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ તેનું જે મહત્ત્વ છે તે સમ્યક્‌ત્વ સહિતપણાને લઈને છે. સમ્યક્‌ત્વ વિના એ બધું પથ્થરની માફક ભારરૂપ છે. એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્‌ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઈ પડે. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન)*

❀ ભેદવિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ,
સીતલ ચિત્ત ભયૌ જિમ ચંદન ।
કેલિ કરૈ શિવ મારગમૈં,
જગમાહિં જિનેસુરકે લઘુનન્દન ॥
સત્યસરુપ સદા જિન્હકૈ,
પ્રગટ્યો અવદાત મિથ્યાત-નિકંદન ।
શાંતદશા તિન્હકી પહિચાની,
કરૈ કર જોરિ બનારસિ વંદન ॥

*(શ્રી સમયસાર નાટક)*

❀ વિદ્યા એટલે જ્ઞાન અને વ્રત એટલે ચારિત્ર. એની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ

અને ફળનો ઉદય તે સમ્યક્ત્વ વિના નથી થતો. જેમ ''બીજ''નો અભાવ હોવાથી વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ તથા ફળનો ઉદય નથી થતો.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ આ સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન—સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયમયી જૈનધર્મ સંસારરૂપી સર્પને દૂર કરવા નાગદમની ઔષધ છે. દુઃખોની મહાન આગને બુઝાવવા જળની વૃષ્ટિ છે તથા મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર છે. *(શ્રી પદ્મનંદિ આચાર્ય)*

❀ આ જ્ઞાનરૂપી ધન એવું વિલક્ષણ છે કે જેને ચોર તો ચોરી નથી શકતા, પુત્રાદિ મર્યા બાદ લઈ નથી શકતા, રાજા છોડાવી નથી શકતા તથા બીજા લોકો આંખોથી જોઈ નથી શકતા. આ જ્ઞાનધન જેની પાસે હોય છે તે લોકમાં ધન્ય સમજાય છે.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

❀ જો પુરુષ અજ્ઞાની હૈં—વાસ્તવિકરૂપસે હિત-અહિતકો નહિ પહિચાનતે, ઉનકા પુત્ર-સ્ત્રી આદિ હી સંસાર હૈં, કિન્તુ જો વિદ્વાન હૈં, શાસ્ત્રોંકા અક્ષરાભ્યાસ તો કર ચુકે હૈં પરન્તુ આત્મધ્યાનસે શૂન્ય હૈં ઉનકા સંસાર શાસ્ત્ર હૈં. *(શ્રી યોગસાર-પ્રાભૃત)*

❀ ભેદવિજ્ઞાની મહાત્મા ચૈતન્યસ્વરૂપના પ્રતિઘાતક એવા કર્મોના સમૂહનો ક્ષણમાત્રમાં ક્ષય કરી નાંખે છે. કેવી રીતે?—કે જેવી રીતે અગ્નિ ઘાસના ઢગલાને ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખે છે તેવી રીતે. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી)*

❀ જે પ્રાણી જિનેન્દ્રભગવાન દ્વારા કહેલાં તત્ત્વોમાં એક ક્ષણમાત્ર પણ શ્રદ્ધા કરે છે તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાની પરિપાટીને તોડી નાખે છે.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

❀ જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે. જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને મમતા અને મમતા પ્રત્યે જેને દ્વેષ છે, જેમની દૃષ્ટિમાત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયકલેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય ભોગ પણ સમાધિ છે, હાલવું—ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે. *(શ્રી સમયસાર નાટક)*

❀ જિનેન્દ્રના ભક્તો જે સમ્યદૃષ્ટિ જીવ છે તે દેવો અપ્સરાની સભામાં ચિરકાળ સુધી રમે છે તથા અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વાદિ જે આઠ ગુણથી સંયુક્ત તથા સર્વ દેવોમાં ઉત્કૃષ્ટ એવી કાંતિ, તેજ, યશ

એનાથી યુક્ત એવા સ્વર્ગલોકમાં રમે છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ આ પ્રાણીને ત્રણકાળ તથા ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન અન્ય કોઈ કલ્યાણ નથી અને મિથ્યાત્વ સમાન ત્રણકાળ તથા ત્રણલોકમાં અન્ય કોઈ અકલ્યાણ નથી.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત,
સાચે સાચે વૈન કહૈં સાચે જૈનમતી હૈં ।
કાહૂકે વિરુદ્ધિ નાહિ પરજાય બુદ્ધિ નાહિ,
આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં ॥
સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા,
અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં ।
દાસ ભગવન્તકે ઉદાસ રહૈં જગતસૌં,
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ ॥

*(શ્રી સમયસાર નાટક)*

❀ અસંયમી સમ્યગ્દષ્ટિ મનુષ્યોનું પ્રમાણ સાતસો કોટી છે.

*(શ્રી ધવલા, પુસ્તક-૫)*

❀ જિન અર્થાત્ પરમાત્મા એમના સ્વરૂપમાં ભક્તિ અર્થાત્ અનુરાગ છે જેને એવા સમ્યગ્દષ્ટિ ભવ્ય છે. તેઓ આ મનુષ્યભવમાંથી સ્વર્ગલોકમાં જઈને અપ્રમાણ છે ૠદ્ધિ, શક્તિ, સુખ, વૈભવ જ્યાં એવા દેવેન્દ્રની મહિમા પામીને પાછા પૃથ્વીમાં આવીને બત્રીસ હજાર રાજાના મસ્તક પર પૂજનીય એવા રાજેન્દ્ર જે ચક્રવર્તીના ચક્રને પામીને ફરી અહમિન્દ્ર લોકની મહિમાને પામીને નીચે કર્યું છે સમસ્ત લોક જેમણે એવા ભગવાન તીર્થંકરના ધર્મચક્રને પામીને નિર્વાણને પ્રાપ્ત થાય છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ અનંત સંસાર-ભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવનાને ભાવું, આરાધુ તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન)*

❀ જેને દર્શનમોહ નથી એવા ગૃહસ્થ મોક્ષમાર્ગી છે અને જે મોહવાન એવા

ગૃહરહિત અનગાર તે મોક્ષમાર્ગી નથી. એટલે જ મોહવાન મુનિની અપેક્ષાએ દર્શનમોહ રહિત ગૃહસ્થ છે તે ઉત્કૃષ્ટ છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ સમ્યગ્દર્શનથી યુક્ત, ચંડાલના કુળમાં ઉત્પન્ન થયેલ જીવને પણ ગણધરદેવ 'દેવ' કહે છે, જેમ રાખથી ઢંકાયેલા અંગારાની અંદર તેજ છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ જે જીવ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે તેઓ વ્રતરહિત હો તોપણ નારકપણે, તિર્યંચપણે, નપુંસકપણે તથા સ્ત્રીપણે ઉપજતા નથી તથા નીચકુળમાં જન્મ, વિકલાંગી થતા નથી તથા અલ્પ આયુના ધારક કે દરિદ્રી થતાં નથી. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ જેને ઉજ્જ્વલ સમ્યગ્દર્શન છે, તે જીવ સ્વર્ગલોકમાં આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી અહીં મનુષ્યલોકમાં આવીને નવનિધિ ચૌદ રત્નના સ્વામી, સમસ્ત આર્યક્ષેત્રના બત્રીસ હજાર દેશના પતિ તથા બત્રીસ હજાર મુકુટબન્ધ રાજાના મસ્તક ઉપર મુકુટરૂપ છે ચરણ જેમનાં, એવા ચક્રને પ્રવર્તન કરવામાં સમર્થ ચક્રવર્તી થાય છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ જે પુરુષ સમ્યગ્દર્શનથી પવિત્ર છે તેઓ મનુષ્યોના મંડન કરવાવાળા, સમસ્ત મનુષ્ય જાતિના મસ્તક ઉપર ધારણ કરવાયોગ્ય એવા મનુષ્યોનું તિલક છે તથા ઓજ, તેજ, વિદ્યા, વીર્ય, યશ, વિજય, વૈભવ એ સમસ્ત ગુણોનાં સ્વામી હોય છે, મહાન ફળનો સ્વામી થાય છે તથા મહાનધર્મ, મહાઅર્થ, મહાકામ, મહામોક્ષરૂપ ચાર પુરુષાર્થનો સ્વામી હોય છે. સમ્યગ્દર્શનના ધારણ કરવાથી એવા અપ્રમાણ પ્રભાવના ધારક મનુષ્યોના શિરોમણિ થાય છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ અનુભવના રસને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ તીર્થભૂમિ છે, અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે, અનુભવ નરકમાંથી કાઢીને સ્વર્ગ–મોક્ષમાં લઈ જાય છે, એનો આનંદ કામધેનું અને ચિત્રાવેલી સમાન છે, એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે, એ કર્મોનો ક્ષય કરે છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી.

*(કવિવર બનારસીદાસજી, નાટક સમયસાર)*

❀ જિનેંદ્ર ભગવાનનાં ચરણકમળને અવલોકન કરતી એવી સમ્યગ્દર્શનરૂપ લક્ષ્મી છે તે કામી પુરુષના સુખની ભૂમિ એવી કામિનીની જેમ મને સુખી કરો તથા

શુદ્ધસ્વભાવની—શુદ્ધશીલની ધારક માતા જેમ પુત્રનું પાલન કરે તેમ મારું પાલન કરો તથા શીલ આદિ ગુણ છે આભૂષણ જેનું એવી કન્યા કૂળને પવિત્ર કરે તેમ મને પવિત્ર કરો, ઉજ્જ્વલ કરો. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

❀ જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહાવનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે. *(શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર)*

❀ જાકે ઘટ પ્રગટ વિવેક ગણધર કૌંસૌ,
હિરદૈ હરખિ મહામોહકૌં હરતુ હૈ.
સાચૌં સુખ માનૈ નિજમહિમા અડૌલ જાનૈ,
આપુહી મૈં આપનૌ સુભાઉ લે ધરતુ હૈ.
જૈસેં જલ કર્દમ કતકફલ ભિન્ન કરૈ,
તૈસૈં જીવ-અજીવ વિલછનું કરતુ હૈ.
આતમ સકતિ સાધૈ ગ્યાનકૌ ઉદૌ આરાધૈ,
સોઈ સમકિતી ભવસાગર તરતુ હૈ.
*(શ્રી સમયસાર નાટક)*

❀ ઇન્દ્રિયોના વિષયોથી તથા ત્રસ-સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી પરન્તુ જિનેન્દ્રદેવ દ્વારા કથિત પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે. *(આચાર્ય શ્રી નેમીચંદસિદ્ધાંતીદેવ, ગોમટ્ટસાર)*

❀ બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય છે—બંધાય છે. અને બહુ પ્રકારનાં યોગોમાં વર્તતો સમ્યદૃષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિકને નહિ કરતો થકો કર્મરજથી લેપાતો નથી. *(શ્રી કુંદકુંદ આચાર્ય, શ્રી સમયસાર)*

❀ સર્વ રત્નોમાં મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં સમ્યક્ત્વ ઉત્તમ યોગ છે. કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમા આદિ ઋદ્ધિઓમાં પણ સમ્યક્ત્વ મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીયે ? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે. *(સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)*

❀ એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણલોકનું રાજ્ય મળતું હોય તોપણ ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણલોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિત કાળ પછી ત્યાંથી પતન થશે જ અને

સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે. *(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના)*

❀ શ્રી આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે. સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસાર-સમુદ્રથી તરવા માટે તે જહાજ છે. માત્ર ભવ્ય જીવો જ પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વનો તે હણનાર છે. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)*

❀ સમ્યગ્દર્શન ચંદ્રમાકે બિંબ સમાન પ્રકાશિત હૈ. સર્વ ગુણોંકી ખાણી હૈ. તીન ભુવનકે પ્રાણીયોંસે વંદનીય હૈ. સમ્યગ્દર્શનકી કાંતિ યા શોભાસે તીન જગતકા ઘર પ્રકાશિત હૈ. અર્થાત્ સમ્યગ્દર્શનકી શોભા જગતવ્યાપી હૈ. યહ સમ્યગ્દર્શન પરમ જ્યોતિમય આત્માકી કાંતિ હૈ. ઇસ સમ્યગ્દર્શનકા અનુભવ કરના યોગ્ય હૈ. યહી અવિનાશી ઉત્તમ પદ હૈ. *(શ્રી જ્ઞાનસમુચ્ચયસાર)*

❀ ચિન્મૂરત દગધારીકી મોહિ રીતિ લગત હૈ અટાપટી;
બાહિર નારકી-કૃત દુખ ભોગે, અંતર સુખરસ ગટાગટી,
રમતિ અનેક સુરનિ સંગપૈ તિસ પરિણતિ તેં નિત હટાહટી,
જ્ઞાન વિરાગ શક્તિ તેં વિધિફળ ભોગત પૈ વિધિ ઘટાઘટી.
સદન નિવાસી તદપિ ઉદાસી, તાતેં આસ્રવ છટાછટી,
જે ભવ હેતુ અબુધકે તે તસ કરત બંધકી ઝટાઝટી.
નારક પશુ ષંડ વિકલત્રય, પ્રકૃતિનકી હ્વૈ કટાકટી,
સંયમધરિ ન સકે પૈ સંયમ, ધારનકી ઉર ચટાચટી.
તાસ સુયશ ગુણકી 'દૌલત' કે લાગી રહૈ નિત રટારટી.

❀ અનુભવ ચિંતામનિ રતન,
અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોખકો,
અનુભવ મોખ સરૂપ. *(શ્રી નાટક સમયસાર)*

## * અશુદ્ધતાનું ઉપાદાનકારણ : વર્તમાન યોગ્યતા *

[સમયસાર ગાથા ૨૭૮-૨૭૯ ઉપર પૂજ્યગુરુદેવશ્રીનું પ્રવચન]

'જેવી રીતે ખરેખર કેવળ (–એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું (રતાશ-આદિનું) નિમિત્તપણું નહિ હોવાથી પોતાની મેળે રાગાદિરૂપે (રતાશ-આદિરૂપે) પરિણમતો નથી, પરંતુ...'

જુઓ, સ્ફટિકમણિ શુદ્ધ ઉજ્જ્વળ ધોળો હોય છે. વિ. સં. ૧૯૯૧ માં મોટો સ્ફટિકમણિ જોયો હતો. આપણે અહીં સ્ફટિકમણિની ઉજ્જ્વળ ધોળી–સફેદ પ્રતિમા છે ને ? અહા ? એવો સ્ફટિકમણિ સ્વભાવથી શુદ્ધ સફેદ ઉજ્જ્વળ હોય છે.

એ સ્ફટિકમણિ ખરેખર એકલો હોય, બીજાના સંગમાં ન હોય અર્થાત્ બીજાના સંબંધમાં ન હોય તો પોતે પોતાની મેળે રાગાદિરૂપે અર્થાત્ લાલાશ આદિરૂપે પરિણમતો નથી, પણ જેવો સ્વભાવ છે તેવો સફેદ ઉજ્જ્વળ જ પરિણમે છે. અહા ! પલટવું એ એનો સ્વભાવ છે; પરિણમનસ્વભાવવાળો હોવાથી પ્રતિસમય પર્યાયપણે તે બદલે છે, પલટે છે; પણ એને ત્રિકાળ શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી એકલો પોતાની મેળે તે રાગાદિરૂપે-લાલાશ આદિરૂપે પરિણમતો નથી. શું કીધું ? કે સ્ફટિકમણિ પોતે પોતાને લાલાશ આદિરૂપ પરિણમનનું નિમિત્ત-કારણ નથી અર્થાત્ એકલો સ્ફટિકમણિ પોતાની મેળે લાલાશ આદિરૂપ થાય એવો એનો સ્વભાવ નથી; અને તેથી એકલો પોતાની મેળે લાલાશ આદિરૂપે પરિણમતો નથી.

'પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે (રતાશ-આદિરૂપે) પરિણમાવાય છે,...'

જુઓ, એક નિર્મળ જેનો સ્વભાવ છે તેવો સ્ફટિકમણિ એકલો પોતાની મેળે રતાશાદિરૂપે થતો નથી, પરંતુ પરદ્રવ્યના-લાલ-પીળ-ફૂલના સંગે એમાં લાલ-પીળી ઝાંય થાય છે. જુઓ, એમાં લાલ-પીળી ઝાંય જે થાય છે તે એની વર્તમાન દશાની યોગ્યતા છે, પણ લાલ-પીળા ફૂલને કારણે એ થઈ છે એમ નથી. લાલ-પીળા ફૂલથી જ જો એ ઝાંય થતી હોય તો લાકડામાં પણ થવી જોઈએ. પણ એમ બનતું નથી કેમકે એની એવી યોગ્યતા નથી; સ્ફટિકમણિમાં થાય છે એ એની પર્યાયની યોગ્યતા છે.

તો 'પરદ્રવ્ય વડે જ રાગાદિરૂપે પરિણમાવાય છે' એમ લખ્યું છે ને ?

ભાઈ ! એ તો નિમિત્તની ભાષા છે. પોતે પોતાની વર્તમાન યોગ્યતાથી પરદ્રવ્યના

નિમિત્તે-સંગે લાલાશ આદિરૂપ પરિણમે છે તો પરદ્રવ્ય વડે પરિણમાવાય છે એમ નિમિત્તથી કહેવાય છે. બાકી નિમિત્તે-પરદ્રવ્યે એમાં કાંઈ વિલક્ષણતા ઉત્પન્ન કરી છે એમ નથી. આવી વાત છે! સમજાણું કાંઈ...?

જુઓ, આ દૃષ્ટાંત કહ્યું, હવે તેને આત્મામાં ઉતારે છે :—

'તેવી રીતે ખરેખર કેવળ (—એકલો) આત્મા, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી પોતાની મેળે રાગાદિરૂપ પરિણમતો નથી, પરંતુ........'

જુઓ, શું કહે છે? કે એકલો આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી. કેમ? કેમકે પોતાને ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું-કારણપણું નથી. આહાહા...! આત્મા પોતે પર્યાયરૂપથી બદલવાના સ્વભાવવાળો હોવા છતાં, શુદ્ધ-પવિત્ર સ્વભાવપણાને લીધે તેને રાગાદિ વિકારનું કારણપણું નહિ હોવાથી એકલો પોતાની મેળે રાગાદિ વિકારપણે પરિણમતો નથી.

લ્યો, આથી કેટલાક પંડિતો કહે છે કે—નિમિત્તથી થાય છે.

ભાઈ! નિમિત્ત બીજી ચીજ છે ખરી, પણ નિમિત્ત પરમાં કોઈ કરે છે એમ નથી. જેમ પાણી ટાઢાનું ઉનું થાય છે એમાં અગ્નિ નિમિત્ત છે, પણ અગ્નિએ પાણી ઉનું કર્યું છે એમ નથી. એ (પાણી) ઉનું થવાની પોતાની લાયકાતથી ઉનું થયું છે અને ત્યારે અગ્નિ નિમિત્ત છે બસ. (પાણીમાં ઉષ્ણપણે તેમ જ શીતરૂપે પરિણવાની યોગ્યતા છે, પરંતુ પાણીમાં પ્રત્યેક સમયે એક જ પ્રકારે—કાં તો ઉષ્ણરૂપે અથવા શીતરૂપે પરિણમવાની યોગ્યતા હોય છે. તેથી જે જે સમયે જે પ્રકારે પરિણમવાની યોગ્યતા હોય છે તે સમયે તેવું નિમિત્ત હાજર હોય છે. ઉષ્ણપણે પરિણમવાની જે સમયે યોગ્યતા હોય તે સમયે અગ્નિનું નિમિત્ત સહજપણે માત્ર ઉપસ્થિતિરૂપ હોય છે. નિમિત્તથી પાણી ઉષ્ણ થયું જ નથી, થતું જ નથી. તેથી, જેવું નિમિત્ત આવે તેવું પાણીનું પરિણમન થવાની યોગ્યતા છે એ વાત બિલકુલ જૂઠી છે. અગ્નિનું નિમિત્તપણું આવે તો ઉષ્ણપણે પરિણમે અને તેના બદલે તે સમયે રેફ્રીજરેટરનું નિમિત્તપણું આવે તો શીતરૂપ પરિણમે એવી પાણીની વર્તમાન યોગ્યતા હોતી જ નથી. જો એમ હોય તો નિમિત્તથી કાર્ય થાય છે એવું વિપરીત સિદ્ધ થાય. પ્રત્યેક સમયે પાણીની વર્તમાન યોગ્યતા સુનિશ્ચિતરૂપે જ હોય છે અને તે તે સમયે તેને અનુકૂળ એવા નિમિત્તની હાજરી સહજપણે હોય છે.) તેમ શુદ્ધ આત્માના આશ્રયે થતાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા-એમાં

વ્યવહારનો રાગ નિમિત્ત હોય છે, પણ એ નિમિત્તે (–રાગે) અહીં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કર્યાં છે એમ નથી. જેમ અગ્નિએ પાણી ઉનું કર્યું નથી તેમ વ્યવહારે નિશ્ચય કર્યો નથી. આવી વાત છે. અત્યારે તો પંડિતોની દૃષ્ટિમાં ઘણો ફેર છે. પણ દૃષ્ટિ-ફેરે તો આખા શાસ્ત્રના અર્થ ફરી જાય ભાઈ !

અહીં કહે છે—ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ પોતે રાગ-દ્વેષ આદિ વિકારી ભાવોનું નિમિત્ત-કારણ નહિ હોવાથી એકલો પોતાની મેળે રાગાદિ વિકારરૂપે પરિણમતો નથી. હવે કહે છે—

'પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે—આવો વસ્તુનો સ્વભાવ છે.'

જુઓ, જે એટલે પરદ્રવ્ય-જડકર્મ પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાથી પોતાની મેળે રાગાદિના ઉદયરૂપે પરિણમે છે તે, આત્માને—કે જે પોતાના શુદ્ધસ્વભાવથી ચ્યુત થાય છે તેને—રાગાદિનું નિમિત્ત થાય છે. આત્મા જ્યાં પોતાના અશુદ્ધ ઉપાદાનથી પોતે રાગરૂપે પરિણમે છે ત્યારે કર્મનો રાગરૂપ ઉદય નિયમથી નિમિત્ત હોય છે તેથી 'પરદ્રવ્ય વડે જ રાગાદિરૂપે પરિણમાવાય છે' એમ કહ્યું છે. પંડિત શ્રી ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રીએ 'જૈન તત્ત્વમીમાંસા'માં આવો જ અર્થ કર્યો છે કે પરિણમાવાય છે એટલે પરિણમે છે. ત્યાં એવા શબ્દો મૂક્યા છે કે—બે ગુણ અધિક પરમાણુ એટલે ચાર ગુણવાળો પરમાણુ અને બે ગુણવાળા પરમાણુનો સ્કંધ થાય છે ત્યારે તે ચાર ગુણવાળા પરમાણુ વડે બીજા બે ગુણવાળા પરમાણુને ચાર ગુણવાળો પરિણમાવાય છે. એનો અર્થ જ એ છે કે બે ગુણવાળો પરમાણુ ચાર ગુણવાળા પરમાણુના નિમિત્તે પોતે ચાર ગુણપણે પરિણમે છે અને ત્યારે નિમિત્તથી પરિણમાવાય છે અથવા નિમિત્ત પરિણમાવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આવી વાત છે. લોકોને તત્ત્વનો અભ્યાસ નહિ એટલે વ્યવહારને ને નિમિત્તને વળગી પડે; પણ શું થાય ? જ્યાં જે નયથી કથન હોય તે યથાર્થ સમજવું જોઈએ.

આહાહા...! આત્મા અનંતગુણનો પિંડ પરમ પવિત્ર પ્રભુ ત્રિકાળ શુદ્ધ પૂરણ વીતરાગસ્વભાવ છે. કોઈ ગુણ-સ્વભાવ એનામાં એવો નથી કે પોતે પોતાથી વિકારપણે થાય; પણ પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે તે રાગાદિરૂપે થાય છે અને ત્યારે તે પરદ્રવ્ય વડે થાય (–પરિણમાવાય) છે એમ કહેવામાં આવે છે. પર્યાયમાં વિકાર સ્વદ્રવ્યના નિમિત્તે નથી થતો પણ પરદ્રવ્યના નિમિત્તે થાય છે એટલે પરદ્રવ્ય વડે જ

રાગાદિરૂપ પરિણમાવાય છે એમ વ્યવહારથી કહેવાય છે. જો સત્ય શું છે એ સમજવાની માણસને ફુરસદ ન હોય તો શું થાય?

ત્યારે કોઈ પંડિત કહેતા હતા કે-જુઓને! આ તમારા સોનગઢવાળા હિંમતભાઈ એ શું લખ્યું છે? કે—

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને;**
**એમ જ્ઞાની પણ છે શુદ્ધ રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને.**

આવું ચોક્ખું તો લખ્યું છે-એમ એ બોલ્યા હતા.

અરે ભાઈ! એ સ્ફટિકમણિમાં લાલ આદિ ફૂલના સંગના કાળે એનામાં લાલ આદિ અવસ્થા થવાની જન્મક્ષણ-ઉત્પત્તિ ક્ષણ છે તેથી તે લાલ આદિ થાય છે, પણ પર વડે થાય છે એમ અર્થ છે જ નહિ. પોતે (લાલ આદિરૂપે) પરિણમે છે ત્યારે પરદ્રવ્ય વડે પરિણમાવાય છે એમ નિમિત્તની મુખ્યતાથી કહેવાય છે. લ્યો, આવી વાત છે.

કોઈને વળી થાય કે-આમાં ધર્મ ક્યાં આવ્યો? ને આમાં અમારે કરવું શું?

તો કહે છે કે—ભાઈ! ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વરૂપ પોતે ત્રિકાળ છે. ત્યાં પોતામાં પોતે દૃષ્ટિ કરે તો તે પોતાની મેળે વિકારપણે થતો નથી પણ નિર્મળ નિર્વિકારપણે પરિણમે છે અને તે ધર્મ છે. અંતર્દૃષ્ટિએ પરિણમવું તે ધર્મ ને કર્તવ્ય છે. પરંતુ વર્તમાન દશામાં પરનું લક્ષ કરી પરિણમે તો તે અવશ્ય રાગાદિરૂપ થાય છે, ત્યારે તેની યોગ્યતા પણ એવી જ હોય છે. પરદ્રવ્ય-કર્મ એને પરાણે રાગાદિરૂપ કરાવે છે એમ નહિ, પોતે પોતાની વર્તમાન યોગ્યતાથી જ રાગાદિરૂપ થાય છે અને તેમાં પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. પરદ્રવ્ય એને રાગાદિરૂપ કરે છે એમ કહેવું એ તો ઉપચાર કથન છે.

એ તો ત્રીજી ગાથામાં આવ્યું ને કે—એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. પ્રત્યેક પદાર્થ પોતાના દ્રવ્યમાં રહેલા પોતાના અનંત ધર્મોના ચક્રને ચુંબે છે-સ્પર્શે છે પણ પરદ્રવ્યને કદીય ચુંબતો-સ્પર્શતો નથી. આ લાકડી હાથમાં છે ને? એ લાકડી હાથને સ્પર્શતી નથી. આ બે આંગળી ભેગી થાય ત્યારે એક આંગળી બીજીને અડતી નથી, કેમકે એકમાં બીજીનો અભાવ છે. ઝીણી વાત છે ભાઈ!

ત્યારે લોકો કહે છે-આ બે આંગળી અડી-એમ પ્રત્યક્ષ દેખાય છે તે શું ખોટું છે ?

ભાઈ ! તું સંયોગ દેખે છે ને ? એટલે એમ જણાય છે; બાકી ખરેખર જો અડે તો બંને એક થઈ જાય. એ તો પહેલાં પ્રશ્ન થયો હતો કે—એ ચટાઈનાં તરણાં અગ્નિથી બળે છે, અગ્નિ વિના બળે નહિ; અર્થાત્ તરણાં પોતાથી બળે નહિ. પણ અહીં કહે છે કે અગ્નિના પરમાણુ ચટાઈને અડયા જ નથી. એ તો ચટાઈ અગ્નિપણે થવાની પોતાની લાયકાતથી બળે છે, એમાં બહારની અગ્નિ તો નિમિત્તમાત્ર છે. તેમ આત્મામાં વિકાર થાય છે તે તેની તત્કાલીન યોગ્યતાથી થાય છે, પરદ્રવ્ય-કર્મ તો એમાં નિમિત્તમાત્ર છે. નિમિત્ત છે પણ નિમિત્ત એમાં કાંઈ કરે છે એમ નથી. જો નિમિત્ત પરને કરે તો નિમિત્ત ને બીજી ચીજ બંને એક થઈ જાય.

આ પ્રમાણે આત્મા (પોતાની તત્કાલીન યોગ્યતાથી) પર્યાયમાં રાગાદિરૂપે પરના સંગે-નિમિત્તે પરિણમે છે-એવો વસ્તુનો સ્વભાવ છે. કેટલાક લોકો કહે છે એમ પરને લઈને વિકાર થાય છે એવો વસ્તુનો સ્વભાવ નથી.

જુઓ, પહેલાં દાખલો આપીને આત્માને વિકાર કેમ થાય એ વાત સિદ્ધ કરે છે : શું કહે છે ? કે-'સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે; તે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલાશ આદિ પરદ્રવ્યના નિમિત્તે લાલાશ-આદિરૂપે પરિણમે છે.'

જુઓ, સ્ફટિકમણિ પોતે સ્વભાવથી શુદ્ધ જ છે. તેથી તે એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે કદી પરિણમતો નથી. પરંતુ જોડે લાલ કે પીળાં ફૂલ હોય તો તેમના નિમિત્તે લાલ કે પીળી ઝાંયપણે પરિણમે છે. ત્યાં સ્ફટિકમણિ પોતાની વર્તમાન એવી યોગ્યતાને લઈને લાલ કે પીળી ઝાંયપણે પરિણમે છે, લાલ કે પીળાં ફૂલ તો એમાં નિમિત્તમાત્ર છે. જ્યારે, સ્ફટિકમણિ પોતે પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાથી લાલ આદિ ઝાંયપણે પરિણમે ત્યારે પરદ્રવ્ય-લાલ આદિ ફૂલ તેમાં નિયમથી નિમિત્ત હોય છે, આ દૃષ્ટાંત છે. હવે કહે છે—

તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે. તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.

છે. તે એકલો પોતાની મેળે રાગાદિ વિકારપણે પરિણમે એમ કદીય બની શકે નહિ. આત્મામાં એવો કોઈ સ્વભાવ-ગુણ-શક્તિ નથી કે જેને લઈને વિકાર થાય. પરંતુ પરદ્રવ્ય—જડ કરમનો ઉદય—જે સ્વયં રાગાદિપણે પરિણમે છે તેના નિમિત્તે જીવ રાગાદિરૂપે પરિણમે છે. હવે આમાં બધાને વાંધા છે —એમ કે વિકાર આત્મામાં થાય છે એ કર્મને લઈને થાય છે, અન્યથા આત્મા તો શુદ્ધ જ છે. એને અશુદ્ધતા છે એ પરદ્રવ્ય-કર્મને લઈને છે.

એ તો કહ્યું ને? કે લાકડા જોડે લાલ ફૂલ મૂકો તો લાકડામાં લાલાશ થશે? ના; કેમકે લાકડામાં એવી યોગ્યતા નથી. પણ સ્ફટિકમણિ જોડે લાલ ફૂલ મૂકો તો એમાં લાલાશ થશે. જો લાલ ફૂલના કારણે લાલાશ થતી હોય તો લાકડામાં પણ લાલાશ થવી જોઈએ, પણ ત્યાં લાલાશ થતી નથી. સ્ફટિકમણિમાં લાલાશ થાય છે એ એની તત્કાલિન યોગ્યતાથી થાય છે અને લાલ ફૂલ તો એમાં નિમિત્તમાત્ર છે.

તેવી રીતે આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ પોતે તો શાશ્વત શુદ્ધ છે. એની વર્તમાન દશામાં રાગ–દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ વિકાર થાય છે એ એની વર્તમાન પર્યાયની જન્મક્ષણ–ઉત્પત્તિક્ષણ છે માટે થાય છે ને તેમાં કર્મ નિમિત્ત છે. તેમાં કર્મનો ઉદય નિમિત્ત અવશ્ય છે, પણ એ કાંઈ જીવમાં કરે છે એમ નથી. જુઓ, નિમિત્ત હોતું નથી એમ નહિ અને એ કાંઈ જીવમાં કરે છે એમેય નહિ.

પ્રશ્ન :—નિમિત્ત કાંઈ કરતું નથી, પણ કરાવે તો છે ને?

ઉત્તર :—ના; જરાય નહિ. એ તો ભાષામાં એમ બોલાય. પોતે વિકારપણે પરિણમે તો પરદ્રવ્ય–નિમિત્ત પરિણમાવે છે એમ આરોપથી કહેવાય છે. બાકી જડ કર્મને તો ખબરેય નથી કે–આમ પરિણમું ને તેમ પરિણમું. પરંતુ આ (જીવ) પરના– નિમિત્તના લક્ષે પરિણમે તો એને વિકાર થાય છે, ને પરલક્ષે ન પરિણમે અર્થાત્ સ્વલક્ષે પરિણમે તો નિર્વિકાર શુદ્ધ પરિણમે છે.

કોઈ પંડિતો વળી એવો સિદ્ધાંત રજુ કરે છે કે–કર્મ નિમિત્ત થઈને આવે એટલે એને (–જીવને) વિકાર કરવો જ પડે.

પણ એમ નથી બાપા! નિમિત્ત તો બાહ્ય ચીજ છે. એ તો પોતે એના લક્ષે વિકાર કરે તો એને નિમિત્ત કહેવાય છે. અહીં તો એમ કહેવું છે કે–સ્વભાવ શુદ્ધ જ હોવાથી સ્વભાવના આશ્રયે રાગરૂપે ન પરિણમે, પણ રાગરૂપે પરિણમે તો પર નિમિત્તના આશ્રયે રાગરૂપે પરિણમે છે. નિમિત્ત એને રાગ કરાવી દે છે ને સંસારમાં રખડાવે છે એમ નથી, પણ પોતે પરાધીન થઈ રાગાદિપણે પરિણમે છે ને સંસારમાં રખડી મરે છે. આવો જ વસ્તુનો સ્વભાવ છે. એમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી. અહા! આત્મા

પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને ભૂલીને પરને—નિમિત્તને આધીન થઈને પરિણમે તો અવશ્ય વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે; એમાં કોઈ અન્ય તર્કને અવકાશ નથી.

હવે આને બદલે કર્મને લઈને વિકાર થાય, કર્મનો કરાવ્યો વિકાર થાય એમ કોઈ માને એ તો દૃષ્ટિનો મોટો ફેર છે ભાઈ ! એ મિથ્યાદૃષ્ટિ છે કેમકે એક ન્યાયના ફેરે આખું વસ્તુનું સ્વરૂપ ફરી જાય. અજ્ઞાની કર્મના—નિમિત્તના લક્ષે પરિણમતો થકો રાગી—દ્વેષી થાય છે અને રાગી—દ્વેષી થતો તે ક્યાંય ભવસમુદ્રમાં ડૂબી મરે છે. માટે હે ભાઈ ! અંતર્દૃષ્ટિ કર. *

**Shri Subhash sheth's lecture tour on Jainism in USA Schedule 2003**

| Day | Date | City | Concatact |
|---|---|---|---|
| Thu-Wed | May 08-14 | Lansdale, pa (Airport Philadeiphia) | Pravin shah 215-362-5598 |
| Thu-Mon | May 15-29 | Grand Rapids, MI (Airport : CRR) | Nitin Bhimani 616-698-2440 |
| Tue-Mon | May 20-26 | Detroit, MI (Road journey from Grand Rapids) | Anant Koradia 248-626-1117 |
| Tue-Wed | May 27- June 04 | Kingston, PA Siddhachalam, NJ (Arrive at Philadelphia airport) | Jyotsana Shah 570-287-7457 |
| Thu-sun | June 05-08 | New York, NY (Road Journey from Kingston | Dr. Haresh Sheth 718-275-3049 |

**Coordinator : Hasmukh M. Shah**
304 Tall Oak Trail, Tarpon Spring, Florida 34688. USA
Phone : 727-934-3255 Email : Kahanguru@hotmail.com.

**પૂ. ગુરુદેવશ્રીની ૧૧૪મી જન્મજયંતી, જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ. USA અંતર્ગત તા.** 16 to 19 May 2003 દરમ્યાન Grand Rapids. M1 **માં ઊજવાશે. આ અંગે** contact Hasmukh M. Shah

**સૂચના :—**'૧૧૪મી જન્મજયંતી-વિશેષાંક' તરીકે એપ્રિલ તથા મે માસનો અંક ભેગો કરીને પ્રકાશિત કરવામાં આવેલ હોવાથી હવે પછીનો અંક ૧૫મી જૂનના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપથી મધ્યપ્રદેશના શિવપુરી-નગરમાં નિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો સાનંદ સંપન્ન

## * શ્રી જિનબિંબપ્રતિષ્ઠામહોત્સવ *

તા. ૧૬-૧-૨૦૦૩ થી તા. ૨૩-૧-૨૦૦૩

## પ્રતિષ્ઠોત્સવનો સ્વર્ણિમ અવસર

ભારતવર્ષના મધ્યપ્રદેશની સુપ્રસિદ્ધ નગરી શિવપુરીમાં, ત્યાંના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મ શુદ્ધામ્નાયાનુયાયી શ્રી શિવપુરી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરની પંચકલ્યાણકપુરસ્સર પાવન પ્રતિષ્ઠા માટે આયોજિત વિ. સં. ૨૦૫૯, પોષ સુદ ૧૩, ગુરુવારથી પોષ વદ ૬, ગુરુવાર—આઠ દિવસનો શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપથી, તથા ઊંડા આદર્શ-આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની—પૂર્વમાં તેઓના જીવનકાળમાં આપેલી—મંગલવર્ધિની શુભાશિષથી, તેઓ બંને શુદ્ધાત્માનુભવી મહાત્મા પ્રતિ શ્રદ્ધાભક્તિવંત પાંચ હજાર મુમુક્ષુઓના ભક્ત્યુલ્લાસમય વાતાવરણમાં સાનંદ ઊજવવામાં આવ્યો. બૃહદ-મુંબઈ, સોનગઢ, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, જામનગર, વાંકાનેર, વઢવાણ, સુરેન્દ્રનગર, વીંછિયા, બોટાદ, ખંડવા, સનાવદ, કલકત્તા, ગ્વાલિયર, ખૈરાગઢ, સોનાગિર, કોલારસ વગેરે ગામોથી પાંચ હજારથી અધિક જૈન લોકો આ મંગલ મહોત્સવનો લાભ લેવા માટે આવ્યા હતા.

## * પંચકલ્યાણક-પ્રતિષ્ઠાનો શાસ્ત્રસંમત વિધિક્રમ *

શ્રી જિનબિંબપ્રતિષ્ઠોત્સવની પવિત્ર વિધિના ક્રમાનુસાર તા. ૧૬-૧-૨૦૦૩ના દિવસે ક્રમશઃ શાન્તિજાપપ્રારંભ, પ્રતિષ્ઠામંડપશુદ્ધિ, જેમના મંગલકારી આશ્રયમાં આ પ્રતિષ્ઠોત્સવ ઊજવવામાં આવ્યો તે વિધિ-અધ્યક્ષ પરમપૂજ્ય કુમાર બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રાપૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવાની મંગવવિધિ, નાન્દીવિધાન (પ્રતિષ્ઠાવેદીમાં મંગલ કુંભ સ્થાપન) અકંડદીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા તા. ૧૭-૧-૨૦૦૩ના દિવસે દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા, આચાર્યઅનુજ્ઞા, ઈન્દ્રપ્રતિષ્ઠા, ઈન્દ્રશોભાયાત્રા, તા. ૧૮-૧-૨૦૦૩ના દિવસે શ્રી યાગમંડલપૂજા, ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા. તા. ૧૯-૧-૨૦૦૩ના દિવસે ગર્ભકલ્યાણક, સ્વપ્નફલદર્શન, જલયાત્રા, વેદી-મંદિર-કળશ-ધ્વજશુદ્ધિ, ગર્ભકલ્યાણકની શેષ ક્રિયા, (શ્રી હ્રિ આદિ દેવિઓનો માતાની સાથે અધ્યાત્મ વાર્તાલાપ) તા. ૨૦-૧-૨૦૦૩ના દિવસે જન્મકલ્યાણક, જન્માભિષેક-શોભાયાત્રા, પાંડુકશિલા પર જન્માભિષેક, જન્મકલ્યાણકપૂજા, વિશ્વસેન મહારાજાના (વિશ્વસેન મહારાજા તથા ઈરાદેવી માતા બનવાનું સૌભાગ્ય શ્રી ગિરનારીલાલ જૈન

(મંડળના અધ્યક્ષ) તથા તેમની ધર્મપત્ની શ્રીમતી સાવિત્રીબેનને પ્રાપ્ત થયું હતું) મહેલમાં ઈન્દ્રો દ્વારા તાંડવનૃત્ય, પારણા-ઝૂલણ, રાજ્યાભિષેક, મહારાજા શાન્તિનાથને સમાગત રાજાઓ દ્વારા અભિવાદન. તા. ૨૧-૧-૨૦૦૩ના દિવસે ચક્રવર્તી મહારાજા શાન્તિનાથનો વાર્ષિક જન્મોત્સવ, પોતાના વસ્ત્રાભૂષણકક્ષગત દર્પણમાં પોતાનાં બે રૂપ (એક સગ્રન્થ મહારાજા તથા બીજું નિગ્રંથ મુનિવર-એવાં બે રૂપ) દેખીને મહારાજા શાન્તિનાથને વૈરાગ્ય, ભગવતી જિનદિક્ષા માટે વનપ્રયાણ (દીક્ષા શોભાયાત્રા), દીક્ષાવિધિ, વૈરાગ્યપ્રવચન તથા વૈરાગ્યભક્તિ, ઈન્દ્રો દ્વારા ક્ષીરસમુદ્રમાં તીર્થંકર કેશક્ષેપણવિધિ, તપકલ્યાણકપૂજા, તીર્થંકર-મુનિરાજ શ્રી શાન્તિનાથની સાધનાદર્શન તથા ભક્તિ, શાન્તિનાથ પૂર્વભવદર્શન તા. ૨૨-૧-૨૦૦૩ના દિવસે શ્રી શાન્તિનાથ મુનિવરને આહારદાન (આહારદાનનો લાભ મુંબઈ નિવાસી શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવારને સંપ્રાપ્ત થયો હતો) ચિત્રપટ અનાવરણ, ક્ષપકશ્રેણી-આરોહણ, કેવળજ્ઞાન-કલ્યાણક, સમવસરણરચના, ઈન્દ્રો દ્વારા કેવલજ્ઞાન-કલ્યાણકપૂજા, જિનવરવિહાર તથા વિભિન્ન નગરોમાં દેશના. તા. ૨૩-૧-૨૦૦૩ના દિવસે નિર્વાણકલ્યાણક-સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિ, શાન્તિભક્તિ, નિર્વાણપૂજા, પ્રતિષ્ઠિત જિનબિંબોના પ્રતિષ્ઠાપનની પૂર્વવિધિ, વેદી પર શ્રી જિનબિંબ સ્થાપનની મંગલ વિધિ, કલશ-ધ્વજારોહણ, આચાર્ય-ચરણ સંસ્થાપન, શાન્તિયજ્ઞ તથા અંતમાં પ્રતિષ્ઠોત્સવ-સમાપન રથ યાત્રા. પ્રતિષ્ઠાના વિધિવિધાન. ઉપરાંત સમાગત મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચાનો તથા વિભિન્ન વિદ્વાનોના શાસ્ત્ર પ્રવચનોનો પણ સુંદર લાભ મલ્યો હતો. બાળક-બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરાતો હતો. ઉક્ત સર્વે કાર્યક્રમ પ્રાયઃ નિશ્ચિત સમયાવધિમાં સંપન્ન થતો હતો.

## * ઈન્દ્રસભા-રાજસભા ઈત્યાદિનુ મનોજ્ઞ આયોજન *

શ્રી શાન્તિનાથ ભગવાનનો પૂર્વભવ-સર્વાર્થ સિદ્ધ-અહમિન્દ્ર ની સભા, સૌધર્માદિ ઈન્દ્રોની સભા (સૌધર્મેન્દ્ર તથા શચી-ઈન્દ્રાણી બનવાનું સૌભાગ્ય ઘાટકોપર (મુંબઈ) નિવાસી શ્રી શાન્તિલાલ ઠાકરશી મોદી તથા તદ્ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેન મોદીને સંપ્રાપ્ત થયું હતું.) વિશ્વસેન મહારાજાની રાજ્યસભામાં મનોહારી દૃશ્ય તથા એમાં ચાલેલી જિનેન્દ્રભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વગોષ્ઠી ઘણી જ સુંદર મહેસુસ થતી હતી. સર્વાર્થ સિદ્ધના અહમિન્દ્ર, શીઘ્ર નરપર્યાય પામીને, ઉગ્ર સંયમસાધના માટે તડપતા હતા. ઈન્દ્રસભા સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાન તથા તીર્થંકરમહિમાના મધુર વાર્તાલાપથી પ્રેક્ષકોનું મન હરી લેતી હતી. વિશ્વસેન રાજદરબારના સભાસદ વિભિન્ન દેશોના નરેશોની જિનેન્દ્રમહિમાભીની અધ્યાત્મતત્ત્વગોષ્ઠી, મહારાણી ઈરાદેવીની શ્રી, હ્રી, ધૃતિ આદિ દેવી-સખિયોની સાથે અનુભવરસપ્રધાન પ્રશ્નોત્તરમયી અધ્યાત્મ વાર્તા અને એ બધાથી નિર્મિત જિનેન્દ્રભક્તિમય જે આહ્લાદકારી અનુપમ વાતાવરણ એ બધું વસ્તુતઃ ઘણું જ અદ્ભૂત હતું. પંચકલ્યાણકના તથા વિધિવિધાનના ભક્તિભાવભીના આશ્ચર્યકારી દૃશ્યોને દેખીને પ્રેક્ષકવૃંદ-મુમુક્ષુસમુદાય તથા સ્થાનિક દિ. જૈન સમાજ અતિ પ્રસન્ન થતો હતો. રાજદરબારમાં

ચક્રવર્તી મહારાજા શાન્તિનાથે, વાર્ષિક જન્મોત્સવના અવસર પર દર્પણમાં સગ્રંથ તથા નિગ્રંથ એવા પોતાના બે રૂપ દેખીને, ઉત્પન્ન તીવ્ર વિરક્તિના સમયે, ઈરાદેવી માતા દ્વારા ગૃહસ્થાશ્રમમાં થોડું વધારે રોકાવા માટે માતૃસહજ-મમતાથી કહેવાયેલ અનુરોધરૂપ પ્રસ્તાવનો શાન્તિનાથે અંદરની ઊંડી વિરક્તિપૂર્વક ઈન્કાર કર્યો એ સમયના વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી તથા સંયમ-સાધનાના માર્ગે જતા પોતાના પુત્રને રોતા હૃદયથી, અશ્રુભીની આંખોથી તથા અનુમોદના- ભાવથી વિદાય આપતી ઈરાદેવી માતાના પુત્રવિરહ-વેદનથી ભરપૂર વિદાયગીત આદિથી અનેક મુમુક્ષુ ગદ્ગદ્ તથા પ્રભાવિત થયા હતા. શાન્તિનાથ જિનવરના સમવસરણ-વિહારના સમયે વિભિન્ન નગરોમાં ભગવાન દ્વારા 'મૈં હી પરમાત્મા હૂં ઐસા નિશ્ચય કર, મૈં હી પરમાત્મા હૂં ઐસા નિર્ણય કર, મૈં હી પરમાત્મા હૂં ઐસા અનુભવ કર.' આ રીતે આપેલી આત્માના પરમાત્મત્વની ઘોષણારૂપ દિવ્ય દેશનાના આયોજનથી પણ અનેક પ્રેક્ષકોને રુચિકર અનુભવાયું એક કાવ્યપદમાં કહેવાયું છે કે—

કલ્યાણકાલ પ્રત્યક્ષ પ્રભુકો લખૈ જે સુરનર ઘને,
તિહ સમયકી આનન્દમહિમા કહત ક્યોં મુખસોં બને.

—તદનુસાર, પંચકલ્યાણકના વિભિન્ન ભાવવાહી દૃશ્ય દેખીને અનેક મુમુક્ષુઓને અંતરંગમાં એવું અનુભવાતું હતું કે નિર્મલ સમ્યક્દર્શનની ઉત્પત્તિ માટે જિનાગમોમાં બાહ્ય નિર્મિતકારણના રૂપમાં એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (–પંચકલ્યાણકપ્રતિષ્ઠાદર્શન) પણ કહ્યું છે તે વસ્તુતઃ સત્ય છે.

## * આ મંગલ મહોત્સવમાં યોગદાનનો સૌભાગ્યલાભ *

૧. **સૌધર્મ ઈન્દ્ર અને શચિ ઈન્દ્રાણી :** શ્રી શાન્તિલાલ ઠાકરશીભાઈ મોદી તથા તદ્ધર્મપત્ની શ્રીમતિ મંજુલાબેન, મુંબઈ; ૨. **ઐશાન ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી અશોકકુમાર સિંઘઈ તથા તદ્ધર્મપત્ની શ્રીમતી ગાયત્રી જૈન, શિવપુરી; ૩. **સનત્કુમાર ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી હરિવંશ જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી.........., શિવપુરી; ૪. **મહેન્દ્ર ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી દેવેન્દ્ર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી રશ્મિ જૈન, શિવપુરી; ૫. **બ્રહ્મ ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી ચન્દ્રકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી લક્ષ્મીબેન જૈન, શિવપુરી; ૬. **લાન્તવ ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી જયકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી નિર્મલા જૈન, શિવપુરી; ૭. **મહાશુક્ર ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી રાજેન્દ્ર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી દીપ્તિ જૈન, શિવપુરી; ૮. **સહસ્રાર ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી શીતલ જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી સાધના જૈન, શિવપુરી; ૯. **આનત ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી બરનચંદ જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી ગીતા જૈન, શિવપુરી; ૧૦. **પ્રાણત ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી અશોકકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી મીના જૈન, શિવપુરી; ૧૧. **આરણ ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી ભદ્રેશભાઈ તલાટી તથા તદ્ધર્મપત્ની શ્રીમતી હીરાબેન તલાટી, દાદર (મુંબઈ); ૧૨. **અચ્યુત ઈન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી ચંદ્રકાંતભાઈ તથા તદ્ધર્મપત્ની શ્રીમતી પ્રીતિ, દાહોદ; ૧૩. **સૌધર્મ પ્રતીન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી સુમતકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી શીલાબેન જૈન, શિવપુરી; ૧૪. **ઈશાન પ્રતીન્દ્ર-ઈન્દ્રાણી :** શ્રી અજિતકુમાર સિંઘઈ તથા

તદ્ધર્મપત્ની શ્રીમતી સીમાબેન, શિવપુરી; ૧૫. સનત્કુમાર પ્રતીન્દ્ર-ઈન્દ્રાણી : શ્રી મહેશભાઈ કામદાર તથા તદ્ધર્મપત્ની શ્રીમતી સુભદ્રાબેન કામદાર, રાજકોટ; ૧૬. મહેન્દ્ર પ્રતીન્દ્ર-ઈન્દ્રાણી : શ્રી હરિચરણલાલ જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેન, કરૈરા; કુબેર : શ્રી ધર્મેન્દ્રકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી કામિનીબેન જૈન, શિવપુરી;

પિતા શ્રી વિશ્વસેન મહારાજા અને માતા શ્રી ઈરાદેવી : શ્રી ગિરનારીલાલ જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી સાવિત્રીબેન જૈન, શિવપુરી; મહામન્ત્રી અને મન્ત્રાણી : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી તથા તદ્ધર્મપત્ની શ્રીમતી લાભુબેન, મલાડ (મુંબઈ); ૧. રાજા-રાની : શ્રી પવનકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી મમતા જૈન, કેલવાડા; ૨. રાજા-રાની : શ્રી યદુનન્દનકુમાર બંસલ તથા તદ્ધર્મપત્ની શ્રીમતી મન્જૂ બંસલ, દિલ્લી; ૩. રાજા-રાની : શ્રી અભિનંદન જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી અલકા જૈન, શિવપુરી; ૪. રાજા-રાની : શ્રી જયકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી રોહિણી જૈન, ૫. રાજા-રાની : શ્રી ઋષભકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી મન્જૂ જૈન, કોલારસ; ૬. રાજા-રાની : ડૉ. દિલીપકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી આરતી જૈન, ખંડવા; ૭. રાજા-રાની : શ્રી વૈભવકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી ગ્રિષ્મા જૈન, ખંડવા; ૮. રાજા : શ્રી પ્રમોદકુમાર સુધીરકુમાર જૈન, ખંડવા; ૯. રાજા : શ્રી સંજયકુમાર ઝવરચંદ જૈન, ખંડવા; ૧૦. રાજા : શ્રી સુમતપ્રકાશ જૈન પ્રેમચંદ જૈન, શિવપુરી; ૧૧. રાજા : શ્રી જયકુમાર જૈન (પોસ્ટ ઓફિસવાળા), શિવપુરી; ૧૨. રાજા-રાની : શ્રી રમનલાલ જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી સવિતા જૈન, શિવપુરી; ૧૩. રાજા : શ્રી અશોકકુમાર ફૂલચંદ જૈન, રન્નૌદ; ૧૪. રાજા : શ્રી વિજયકુમાર જૈન, આરોન; ૧૫. રાજા-રાની : શ્રી રાજકુમાર જૈન તથા તદ્ધર્મપત્ની શ્રીમતી ગુણમાલા જૈન, ખંડવા; ૧૬. રાજા-રાની : શ્રી ઉમેશચંદ અગ્રવાલ તથા તદ્ધર્મપત્ની શ્રીમતી કિરણ જૈન, (ભોંતી) શિવપુરી;

## * અષ્ટ કુમારિકા દેવિઓ *

૧. કુ. દીપ્તિ જૈન, સુપુત્રી શ્રી સનતકુમાર જૈન, શિવપુરી; ૨. કુ. જિણંદા જૈન, સુપુત્રી શ્રી ધર્મેન્દ્રકુમાર જૈન, શિવપુરી; ૩. કુ. અઞ્જના જૈન, સુપુત્રી શ્રી ગિરનારીલાલ જૈન, શિવપુરી; ૪. કુ. કલ્પના જૈન, સુપુત્રી શ્રી જયકુમાર જૈન, શિવપુરી; ૫. કુ. ભાવના જૈન, સુપુત્રી શ્રી બરનચંદ જૈન, શિવપુરી; ૬. કુ. સવિતા જૈન, સુપુત્રી શ્રી અશોકકુમાર જૈન, શિવપુરી; ૭. કુ. રોહિણી જૈન, સુપુત્રી શ્રી અશોકકુમાર સિંઘઈ, શિવપુરી; ૮. કુ. સ્મિતા જૈન, સુપુત્રી શ્રી ચન્દ્રકુમાર જૈન, શિવપુરી;

## * લૌકાન્તિક દેવ *

૧. કુ. જ્ઞાયક જૈન, સુપુત્ર શ્રી દેવેન્દ્રકુમાર જૈન, શિવપુરી; ૨. કુ. એકેન્દ્ર જૈન, સુપુત્ર શ્રી ધર્મેન્દ્રકુમાર જૈન, શિવપુરી; ૩. કુ. હિતેન્દ્ર જૈન, સુપુત્ર શ્રી અશોકકુમાર જૈન, શિવપુરી; ૪. કુ. કપિલ જૈન, સુપુત્ર શ્રી સુમતકુમાર જૈન, શિવપુરી; ૫. કુ. પારસ જૈન, સુપુત્ર શ્રી બરનચંદ જૈન,

શિવપુરી; ૬. કુ. દિનેશ જૈન, સુપુત્ર શ્રી કેદારીલાલ જૈન, શિવપુરી; ૭. કુ. સિદ્ધાર્થ જૈન, સુપુત્ર શ્રી મનોજકુમાર જૈન, શિવપુરી; ૮. કુ૦ શૈલેશકુમાર જૈન, સુપુત્ર શ્રી જયકુમાર જૈન, શિવપુરી;

## * વિભિન્ન શોભાયાત્રા *

જિનબિંબપ્રતિષ્ઠાના આ સ્વર્ણિમ અવસર પર આયોજિત જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક આદિની-વિભિન્ન શોભાયાત્રા પણ ભવ્ય હતી. જન્માભિષેક માટે આયોજિત મનમોહિની શોભાયાત્રાનાં તથા સુમેરુપર્વતની પાંડુકશિલા પર જન્માભિષેકનાં રમ્ય દશ્યોએ તો ભક્તોનાં ચિત્તપંકજને ખરાં જ આનંદિત કરી દીધાં હતાં. જેમના પુનીત ધર્મોપકારપ્રતાપથી મુમુક્ષુજગતને પંચકલ્યાણકપ્રતિષ્ઠાનું આ અનુપમ સૌભાગ્ય સમઉપલબ્ધ થયું છે એવા આપણા પરમ તારણહાર પરમ પૂજ્ય શ્રી કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ મુમુક્ષુહૃદય ઉપકૃતતાની ભાવનાથી અસાધારણ ભક્તિભાવથી ઊછળી જતાં હતાં—પરમોપકારી તેઓ બંને મહાત્માઓના જયનાદથી વાતાવરણ આનંદભર્યું થઈ ગયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતાની સાક્ષાત ઉપસ્થિતિ-વત જ ઉત્સવની શાનશોભા હતી. આ ભવ્ય મહોત્સવના આનંદપ્રદ મીઠાં સંસ્મરણો ચિરકાલ મુમુક્ષુહૃદયને પ્રમુદિત કરતાં રહેશે.

## * પ્રતિષ્ઠાવિધિ : શુદ્ધામ્નાયાનુસાર *

પંચ કલ્યાણકપ્રતિષ્ઠાનાં સર્વે વિધિવિધાન દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિંદુ (અપરનામ શ્રી જયસેનાચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' અને પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી (ઇન્દોર) દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાપ્રદીપ'ના આધારે બિલકુલ શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવેલ.

## * પ્રતિષ્ઠાચાર્ય તથા પ્રતિષ્ઠાવિધિ *

આ પંચકલ્યાણકપ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી ચંદુલાલભાઈ જોબાલિયા (સોનગઢ), આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) તથા આત્માર્થી વિદ્વાન શ્રી પ્રકાશભાઈ જૈન (મલાડ-મુંબઈ) તથા આત્માર્થી વિદ્વાન શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) દ્વારા કરાયેલ. ઉપસ્થિત મુમુક્ષુસમાજમાંથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેન તથા સ્થાનિક દિગંબર જૈન સમાજના ધર્મપ્રેમી કેટલાંક ભાઈ-બહેન પોતાનો આનંદ વ્યક્ત કરતાં ઘણી વાર કહેતાં હતાં કે—પંચકલ્યાણકનો સરલ, સુગમ તથા સ્પષ્ટીકરણસાથે રોચક શૈલીમાં સંપન્ન આ શાસ્ત્રોક્ત, શુદ્ધ, દર્શનીય તથા ચિત્તાકર્ષક ભાવવાહી વિધાન ઘણું જ આનંદકારી મહેસુસ થયું. પ્રત્યેક વિધાનના પ્રારંભમાં વિધિ સંક્ષેપમાં સમજાવવામાં આવતી હતી, જેનાથી પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. સર્વે વિધિવિધાન, ન બહુ ઉતાવળથી કે ન બહુ ધીરેથી, મોટાભાગે નિશ્ચિત સમયાવધિમાં સંપન્ન થઈ જતાં હતાં. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારની સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન તથા હાર્દિક ભક્તિનો સુભગ સંગમ પ્રેક્ષકોને અનુભવાતો હતો.

## * શાસ્ત્રપ્રવચનસાર *

આ શુભાવસર પર, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાભક્તિવંત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન સર્વશ્રી બ્ર. વ્રજલાલ શાહ, હિંમતભાઈ ડગલી, ચિમનલાલ મોદી (સોનગઢ-ટ્રસ્ટના ટ્રસ્ટી-મંત્રી), રમેશભાઈ મહેતા (સલાલ) તથા શ્રી પ્રકાશભાઈ જૈને (મલાડ) શાસ્ત્ર પ્રવચનનો લાભ આપ્યો હતો.

## * ધર્મપ્રભાવનાના આધારસ્તંભ *

અહો ! અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વાનુભવપ્રમુખ અધ્યાત્મ વિદ્યાના લોકોત્તર યુગનું મંગલ પ્રવર્તન તો કર્યું જ, એ ઉપરાંત સાધકને ભૂમિકાના અનુરુપ આવવાવાળી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની અપાર મહિમા પણ સુચારુ સમજાવી. સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીએ સાચું જ કહ્યું છે કે—''પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી સાધક જીવ અંતરમાં નિજ ચૈતન્યભગવાનને અને બહારમાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુને સાથે રાખે છે. આપણને એવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું સાનિધ્ય મળ્યું, એના જેવું બીજું કોઈ પુણ્ય નથી. તેઓની સમીપમાં સ્વાનુભૂતિ થાય, તેની વૃદ્ધિ થાય તથા પૂર્ણતા થાય, બસ આ એક જ કરવા જેવું છે. તે જ જીવન જીવવું સાર્થક છે.'' અહો ! નિશ્ચય-વ્યવહારની સંધિબદ્ધ જેમની એવી સાધના સદા પ્રતાપવંત વર્તી રહી હતી અને જેમનો ધર્મોપકાર મુમુક્ષુઓને નિશ્ચય-વ્યવહારના સુમેળયુક્ત આધ્યાત્મિક જીવન પ્રતિ લઈ જાય છે તે આપણા પરમ-તારણહાર, વીતરાગ- જિનધર્મપ્રભાવનાના પ્રમુખ આધારસ્તંભ, પરમોપકારી ઉભય સંતોને (પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને) અત્યંત ભક્તિપૂર્વક પ્રણામ.

અહો ! જયવંત વર્તો શ્રી જિનબિં-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ ! જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા તેઓ બંનેનો શ્રેયોવર્ધક મંગલકારી પ્રભાવન—ઉદય ! !

બિમ્બ પ્રતિષ્ઠા ભઈ સફલ, નરનારી અઘહાર
વીતરાગ-વિજ્ઞાનમય, ધર્મ બઢો અવિકાર

અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો,
જિન, કુંદ, ધ્વનિ આપ્યા, અહો શ્રી ગુરુ-કહાનનો
—અહો ભગવતી માતનો.

—ઇતિ શુભં ભૂયાત્.

*

[તા. ૯-૪-૨૦૦૩]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ અન્તર્ગત કેટલાંક બ્રહ્મચારી બહેનો દ્વારા અત્યંત આનંદોલ્લાસ સાથે ઊજવાયેલી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની**

## * ૭૧મી સમ્યક્ત્વ–જયંતી *

સ્વાનુભવમુદ્રિત–અધ્યાત્મસાધનાતીર્થના પ્રણેતા પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિ પ્રધાન અધ્યાત્મ-ઉપદેશને પોતાની અન્તઃ પરિણતિમાં આત્મસાત્ કરી જેઓએ ૧૮ વર્ષની નાની ઉમ્રમાં, પોતાના શુદ્ધાત્માભિમુખ પ્રબલ પુરુષાર્થથી સ્વાનુભૂતિસમન્વિત નિર્વિકલ્પ સમ્યક્‌દર્શન પ્રાપ્ત કર્યું અને પોતાના લોકોત્તર જાતિસ્મરણ–'જ્ઞાનવૈભવ'થી, પરમ પૂજ્ય શ્રી સીમંધરભગવાનની દિવ્યધ્વનિમાં સાક્ષાત્ સાંભળેલી, પૂજ્ય ગુરુદેવશ્રીની ધાતકીખંડ–વિદેહક્ષેત્રના 'ભાવિતીર્થંકરદ્રવ્ય'રૂપ અસાધારણ મહિમાને પ્રકાશિત કરીને મુમુક્ષુ જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે એવા વાત્સલ્યમૂર્તિ ધન્યાવતાર ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આ ૭૧ મી 'સમ્યક્ત્વ-જયંતી' (ફાગણ વદ ૧૦) તા. ૨૩-૩-૨૦૦૩ થી તા. ૨૭-૩-૨૦૦૩ પાંચ દિવસ સુધી અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત કેટલાંક બ્રહ્મચારી બહેનો દ્વારા અત્યંત હર્ષોલ્લાસ સાથે ઊજવવામાં આવી. આ પાવન અવસર પર લંડન, રાજકોટ, બૃહદમુંબઈ, ભાવનગર, અમદાવાદ, દિલ્હી, ખંડવા, બોટાદ, ચેન્નાઈ, બેંગ્લોર, હૈદરાબાદ, વિદિશા આદિ અનેક નગરોથી તથા ભારતના અન્ય પ્રદેશોથી સમ્યક્ત્વમહિમાનો ભક્તિભીનો લાભ લેવા માટે, આવેલા લગભગ ૮૦૦ થી વધુ મુમુક્ષુ ભાઈ બહેનોની ઉપસ્થિતિ રહી. ધર્મવાત્સલ્યમૂર્તિ પરમોપકારી પૂજ્ય બહેનશ્રીની જાણે મંગલ ઉપસ્થિતિ હોય---એ રીતે અતિઆનંદોલ્લાસ સાથે આ વિશાળ ઉપસ્થિતિ એ પવિત્ર આત્મા પ્રતિ પોતાની વિશિષ્ટ શ્રદ્ધાભક્તિ પ્રસિદ્ધ કરતી હતી.

આ સમ્યક્ત્વ જયંતીના મંગલ અવસર પર પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની ઓડિયો-ટેપ દ્વારા દેવગુરુભક્તિ તથા સ્વાનુભવરસભીની ધર્મચર્ચા, દેવદર્શનપૂજા, પરમાગમમંદિરમાં 'ચોસઠૃદ્ધિમંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનું 'સમયસાર-કળશટીકા' પર ટેપ પ્રવચન, ઊંડા આદર્શ-આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પ્રણીત બહેનશ્રીની

સાધનામહિમાભરી સમુહ-ભક્તિ, 'જૈનતત્ત્વશિક્ષણવર્ગ', બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, જિનમંદિરમાં સમુહ જિનેન્દ્રભક્તિ, 'જૈનતત્ત્વશિક્ષણવર્ગ', સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીના વચનામૃત' પર ટેપપ્રવચન અને તત્પશ્ચાત યાત્રાવિડિયો દ્વારા ગુરુદર્શન અને પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી ધર્મચર્ચા—આ ક્રમ સુચારુ ચાલતો હતો. આ મંગલ સમારોહમાં 'શિક્ષણવર્ગ'નું આયોજન મુમુક્ષુઓને ઘણું લાભપ્રદ રહ્યું. પ્રાધ્યાપક હતા રાજુભાઈ કામદાર તથા સુભાષભાઈ.

તા. ૨૭-૩-૨૦૦૩ના દિવસે સવારે ટેપપ્રવચન પછી પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૧૪મા મંગલ જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની, ગુરુજન્મજયંતીમહોત્સવ આયોજક ચેન્નાઈ નિવાસી શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર–પરિવાર તરફથી, લેખન તથા પ્રેષણની શુભવિધિ સેંકડો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં આનંદોલ્લાસ સહ સંપન્ન થઈ હતી. આ મંગલ મહોત્સવમાં એક દિવસ રાત્રે બાલિકાઓ દ્વારા 'ધન્ય બન્યો રે ગઢ ગિરનાર' અને અન્ય દિવસે રાત્રે બ્રહ્મચર્યાશ્રમમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલાસભામાં પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વજયંતીના અનુરૂપ સમ્યક્ત્વ સાધનાની મહિમારુપ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ઘણોજ પ્રસન્નકારી હતો. પ્રમુદિત થઈને અનેક મુમુક્ષુ મહિલાઓ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતી કહેતી હતી કે—પૂજ્ય બહેનશ્રીની સાધનાની આ સર્વે વાતો અમે સાંભળી જ ન હતી. ખરેખર આ કાર્યક્રમ બહું સુંદર રહ્યો. સમ્યક્ત્વજયંતીના મંગલ દિવસે સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનો વિડિયો–માંગલિક તથા બહેનશ્રીનો વિડિયો ધર્મોદ્બોધન, તથા રાત્રે યાત્રાવિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા રાખવામાં આવ્યા હતા. આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી હિંમતભાઈ ડગલી, રાજુભાઈ કામદાર, સુભાષભાઈ શેઠ, રમેશભાઈ મહેતા (સલાલ) તથા બ્ર. ચંદુભાઈ જોબાલીયા દ્વારા આપવામાં આવ્યું હતું.

## ❋ સ્વામિવાત્સલ્ય ❋

આ મંગલ અવસર પર આ મંગલ મહોત્સવના આયોજક કેટલાંક બ્ર. બહેનો તરફથી પાંચે દિવસ 'સ્વામીવાત્સલ્ય' રાખવામાં આવેલ. તદુપરાંત તા. ૨૭ના દિવસે સવારનું 'સ્વામીવાત્સલ્ય' પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૪મી જન્મજયંતી ઊજવનાર શ્રી કાન્તીલાલ અમીચંદભાઈ કામદાર–પરિવાર (ચેન્નાઈ) તરફથી, નિમંત્રણપત્રિકાની લેખનવિધિના હર્ષોલ્લાસમાં રાખવામાં આવેલ.

★ આ મંગલ અવસર પર સત્સાહિત્યના મૂલ્યમાં ૫૦ % કમીશન પાંચ મહાનુભાવો તરફથી તથા ગુજરાતી સમયસારના મૂલ્યમાં સ્પેશીયલ કમીશન બે મહાનુભાવો તરફથી આપવામાં આવેલ.

સમ્યક્ત્વજયંતીના અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે આવક થઈ હતી—

| | |
|---|---|
| પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટસમક્ષ | ૫૧,૦૦૦=૦૦ |
| પ્રસંગ આયોજન | ૧,૨૫,૦૦૦=૦૦ |

| | |
|---|---|
| સમ્યક્ત્વજયંતીના પ્રતીક ૭૧ના અંકમાં ૭૧×૧૨૪૫ | ૮૮,૩૯૫=૦૦ |
| પ્રાસંગિક મંડલવિધાનપૂજા | ૬,૦૦૬=૦૦ |
| સ્વામીવાત્સલ્ય | ૨૯,૦૦૦=૦૦ |
| આરતીમાં | ૨,૪૧૭=૫૦ |
| અન્ય વિભિન્ન શુભખાતામાં | ૧,૨૦,૬૯૮=૦૦ |
| કુલ રૂ. | ૪,૨૨,૫૧૬=૫૦ |

આ મહોત્સવનો અંદાજિત ખર્ચ રૂા. ૨ લાખ થયો હતો.

સમ્યક્ત્વજયંતીના શુભાવસર પર પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૨૭ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

---આ પ્રકારે વિભિન્ન રોચક આયોજન દ્વારા પાવની ૭૧ મી સમ્યક્ત્વજયંતી, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના અનુપમ ઉપકારોને મુમુક્ષુહૃદયમાં આન્દોલિત કરતી, સમાપનને સંપ્રાપ્ત થઈ.

★ સુવર્ણપુરીના ૬૩ ફુટ ઉન્નત 'શ્રી સીમંધરજિનમાનસ્તંભ'ની ૫૧ મી પ્રતિષ્ઠાતિથિ (સુવર્ણજયંતી વર્ષના સમાપન નિમિત્તે) ચૈત્ર વદ ૮ થી ૧૦, ગુરુવારથી શનિવાર, તદનુસાર તા. ૧૦-૪-૨૦૦૩થી તા. ૧૨-૪-૨૦૦૩ ત્રણ દિવસ પર્યન્ત ત્રિલોકમંડલવિધાનપૂજા તથા ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવી હતી.

## મહાવીરજયંતી તથા કહાનગુરુપરિવર્તનજયંતી

ચૈત્ર સુદ ૧૩, સોમવાર તા. ૧૪-૪-૨૦૦૩ ના દિવસે ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકના વાર્ષિક પર્વ તથા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૬૫મા સંપ્રદાયપરિવર્તન-દિન, પરમાગમમંદિરમાં પૂજાભક્તિ તથા પરિવર્તન-સ્થળ 'સ્ટાર ઓફ ઇન્ડીયા' ભવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન તથા ગુરુભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

## ૧૧૪ મો વાર્ષિક કહાનગુરુ-જન્મોત્સવ

ચૈત્ર વદ ૧૩ મંગળવાર તા. ૨૯-૪-૨૦૦૩થી વૈશાખ સુદ-૨, શનિવાર તા. ૩-૫-૨૦૦૩ પાંચ દિવસ સુધી પૂજ્ય કહાનગુરુદેવની ૧૧૪મી જન્મજયંતી શ્રી કાન્તિલાલ અમીચંદ કામદાર--પરિવાર (ચેન્નાઈ) તરફથી અતિ આનંદોલ્લાસ સાથે ઊજવવામાં આવશે વિશેષ વિવરણ આ અંકમાં ટાઈટલ પેજ-૨ ઉપર વાંચો.

## ૦ કહાનગુરુ-પ્રભાવના દર્શન ૦

વૈશાખ વદ-૧૩ મંગળવાર, તા. ૨૯-૪-૨૦૦૩ના દિવસે સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સત્પ્રેરણા તથા માર્ગદર્શનમાં નિર્મિત 'શ્રી કહાનગુરુ-પ્રભાવનાદર્શન'ના ઉદ્‌ઘાટનની ચૌદમી વાર્ષિક તિથિ છે; આ દિવસ પણ ગુરુભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

અધ્યાત્મવિદ્યાક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

## o જૈન ધાર્મિક શિક્ષણવર્ગ o

પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૧૪મા વાર્ષિક જન્મોત્સવના પુનીત અવસર પર, ગ્રીષ્મકાલિન રજાઓમાં તા. ૨૯-૪-૨૦૦૩ થી તા. ૧૮-૫-૨૦૦૩--વીસ દિવસ સુધી પુરુષો માટે જૈન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છું મુમુક્ષુ ભાઈઓને સાદર નિમંત્રણ છે.

સૂચના :-- (૧) શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. (૨) પ્રત્યેક મુમુક્ષુમંડળોને અનુરોધ છે કે પોતાના ગામના મુમુક્ષુઓને વધુમાં વધુ સંખ્યામાં આ ધાર્મિક શિક્ષણવર્ગનો લાભ લેવા પ્રોત્સાહિત કરે; તથા પોતાના ગામથી આવનારની સંખ્યા જણાવે.

★ શ્રી માનસ્તંભજીનાં (ઉપરના ભગવાનનાં) દર્શન માટે લગાવેલી લિફ્ટ પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી જન્મજયંતી તા. ૩-૫-૨૦૦૩ સુધી રહેશે.

પરમોપકારી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૩ મી

સાંવત્સરિક સમાધિતિથિ પર સોનગઢમાં આયોજિત

## o પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમ o

પરમ તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મતીર્થનો પરમ-ઉદ્યોત કરવાવાળી ઉપકારમૂર્તિ પ્રશમહૃદયી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સમાધિનો તેરમો સાંવત્સરિક દિવસ આગામી વૈશાખ વદ ૩, સોમવાર, તા. ૧૮-૫-૨૦૦૩ના રોજ છે. પરમોપકારી પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક સમાધિતિથિના નિમિત્તે તા. ૧૪-૫-૨૦૦૩, બુધવારથી તા. ૧૮-૫-૨૦૦૩ રવિવાર સુધી પાંચ દિવસનો 'ધાર્મિક કાર્યક્રમ' પંચપરમેષ્ઠિમંડળવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્યપોષક અધ્યાત્મ-ટેપપ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયોધર્મચર્ચા દ્વારા જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસના, દેવગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે વિવિધ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

અધ્યાત્મ જ્ઞાનવૈરાગ્ય તથા ભક્તિનો પોષક આ 'ધાર્મિક કાર્યક્રમ'નો લાભ લેવા માટે, સમસ્ત મુમુક્ષુસમાજને, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સુવર્ણપુરી પધારવા હાર્દિક નિમંત્રણ છે.

સૂચના :-- આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ગઢડા(હાલ ચેન્નાઈ)નિવાસી
શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર દ્વારા આયોજનાધીન

# પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૪મો

# મંગલ જન્મજયંતી-મહોત્સવ

દ્રવ્ય સકલકી સ્વતંત્રતા જગમાંહી ગજાનેવાલે,
વીર-કથિત સ્વાત્માનુભૂતિકા પંથ પ્રકાશનવાલે,
—ગુરુજી! જન્મ તુમારા રે,
—જગતકો આનંદકારા રે.

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે—આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૪મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સોનગઢમાં શ્રી ગઢડાનિવાસી (હાલ ચેન્નાઈ) શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર-પરિવાર તરફથી અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૪મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૯-૪-૨૦૦૩, મંગળવારથી તા. ૩-૫-૨૦૦૩, શનિવાર—પાંચ દિવસ સુધી 'શ્રી રત્નત્રયમંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી.–પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ (તા. ૨૯-૪-૨૦૦૩ થી તા. ૧૮-૫-૨૦૦૩—૨૦ દિવસ સુધી), દિગંબર જૈન ભજનમંડળી દ્વારા દેવગુરુભક્તિ, અમારા તરફથી નિર્માપિત 'કહાનગુરુ-જીવનદર્શન' ફિલ્મ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરથી લાભાન્વિત થવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

નિમંત્રણપત્રિકાની લેખન તથા પ્રેષણવિધિ સોનગઢમાં તા. ૨૭-૩-૨૦૦૩, ગુરુવારના દિવસે રાખવામાં આવી હતી.

**નિમંત્રક**

શ્રીમતી પ્રવિણાબેન કાન્તિલાલ કામદાર
શ્રીમતી મીના અશ્વિન કામદાર
શ્રીમતી સ્મિતા ભરત કામદાર

શ્રી કાન્તિલાલ અમીચંદ કામદાર
શ્રી અશ્વિન કાન્તિલાલ કામદાર
શ્રી ભરત કાન્તિલાલ કામદાર

૭૧ મી સમ્યક્ત્વજયંતી-વિશેષાંક

## ✻ સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે ✻

હું જ્ઞાયક છું, જ્ઞાયક છું—એમ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કરવો. યથાર્થ તો પછી થાય છે પણ પહેલાં એનો અભ્યાસ થાય છે. એનો અભ્યાસ વારંવાર કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. કરવાનું એક જ છે. અનાદિ કાળમાં જીવે એક સમ્યગ્દર્શન કર્યું નથી, બહારનું બીજું બધું કર્યું છે. અહા ! સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે.

—*સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334